" ઇશ્વર પોતાની આજ્ઞા અલૌકિક ઇશારતથી બતાવે છે. "

द्वित्रिया निषेध.

भाग १. प्रकरण १.

આપણા ગાડરીઆ પ્રવાહરૂપ હિંદુ સંસારમાં અનેક દુઃખદાયક ને પાપકારક રિવાજો જોવામાં આવે છે. તેમાંના કેટલાક નજીવા ફાયદાને માટે કે નજીવા કારણને માટે ઉત્પન્ન થઇ મોટાં મોટાં દુઃખ અને પાપો કરાવે છે "એક સ્ત્રી જીવતી હોય ને બીજી એક કે વધારે સ્ત્રીઓ પરણવી" આ જે રિવાજ હિંદુ અને મુસલમાન લોકમાં ફેલાએલો છે તે રિવાજ પણ નજીવાં કારણને માટે ઉત્પન્ન થયેલો છે, ને મહા પાપને દુઃખ આપે છે. (તેથી) હું આ પ્રકરણમાં આ રિવાજ કેવા નજીવા કારણથી ઉત્પન્ન થએલો છે તેજ બતાવીશ. અને બીજા પ્રકરણમાં તેથી જે અનેક દુઃખ અને પાપ થાય છે તેનું વિવેચન કરીશ. ત્રીજા પ્રકરણમાં જે નજીવા કારણ માટે કે ફાયદા માટે ફરી લગ્ન કરવામાં આવે છે, તેમાં તેઓ કેવા નિષ્ફળ થાય છે તે બતાવવામાં આવશે. ચોથા પ્રકરણમાં આ બાબતમાં અસલ રિવાજ શો છે તે વર્ણવીશ. આ પુસ્તકનો પહેલો ભાગ એ ચાર પ્રકરણથી પૂરો થશે. અને બીજા ભાગમાં એથી સ્ત્રીને જે અનેક દુઃખો પડે છે, તે દુઃખોના પાડનાર તેમના સ્વામીઓ છે, તો તેમને કાંઇ સજા હોઇ શકે કે નહિ ને થઈ શકે તો કઇ તે બતાવવામાં આવ્યું છે. સૌથી છેલ્લે પૂરવણી રૂપે આ રીવાજને સુધારવો શી રીતે તે સંબંધમાં મત્યનુસાર કહ્યું છે.

૨. એક જીવતી સ્ત્રી સર્વાવયવ સંપૂર્ણ હોય છે પણ અજ્ઞાની લોકો નીચેનાં નજીવાં કારણથી બીજી સ્ત્રી પરણી દુઃખ વેચાતાં લે છે. એ નજીવાં કારણ ઘણાં છે. (નજીવાં કેમ કહું છું તે વિષે આજ ભાગના બીજા પ્રકરણમાં બતાવીશ) તેમાંના મુખ્ય આ છે. (૧) સંતાન ન હોવાથી, (૨) પુત્ર ન હોવાથી, (૩) વહેવાઇઓમાં તકરાર થવાથી, (૪) સ્ત્રીના સ્વલ્પ અપરાધને લીધે, (૫) મજૂર તરીકે મજૂરી કરાવવા મા-

ટે, (૬) આબરૂ વધારવા માટે, (૭) ગજવાં ખાવાને સારૂ, વિગેરે વિગેરે.

૩. આપણા લોકો સંતાનને મોટું સુખ માને છે. બે માણસો ભેગા થતાં તમારે કાંઈ સંતાન છે? એમ પૂછે છે. જવાબ હાનો મળતાં પોતાની ખુશી જણાવે છે, ને નાનો મળતાં દીલગીરી બતાવે છે. કોઇ એમ નથી પૂછતું કે તમારી વિદ્યા કે ધન સંબંધી સ્થીતિ કેવી છે? તમને કાંઈ ધંધાનું કે ધનનું સુખ દુઃખ છે? આ ઉપરથી જણાય છે કે સંતાનના સુખને મોટું ગણે છે. પૈસો ધંધો—રોજગાર વિગેરે સુખને નાનાં ગણે છે. હવે જ્યારે એને મોટું સુખ ગણ્યું ત્યારે તે ન હોય ત્યારે દુઃખ પણ મોટુંજ ગણાય તેમાં શું આશ્ચર્ય? આ દુઃખ પુરૂષ કરતાં સ્ત્રીને વધારે જણાય છે. છોકરાં વગરની સ્ત્રી સદા ઉદાશ રહે છે. તેનો ચેહેરો ફીકો ને મંદ હોય છે. ડગલે ડગલે તે નિસાસા નાંખે છે. પોતાથી નાની સ્ત્રીઓને અધરણી આવતાં તે જોઈ પોતાના મનમાં બળ્યા કરે છે. તેમજ છોકરા તરફનો લહાવો લેવાની વખતમાં સ્ત્રીઓને મહાલતી જોઈ તેનું અર્ધું લોહી ઓછું થાય છે. કોઈના છોકરા છોકરીના લગ્ન પ્રસંગે માણસો એકઠા થાય ત્યારે પણ તેની દીલગીરીનો પાર રહેતો નથી. તેમજ તેવી સ્ત્રીઓ ભેગી થઈ જે વિચાર કરે છે, ને જે નિઃશ્વાસ નાંખે છે અને એક બીજાનું દુઃખ જણાવે છે તે પણ અકથ્ય છે. અર્થાત્ એ દુઃખને અતિશય મોટું દુઃખ માને છે. એ દુઃખની અંદર એ સ્ત્રીઓના મનમાં વળી એક બીજા મોટા *દુઃખનો ઉદ્ભવ થાય છે ને તે એ કે આમ વાંઝણી રહીશ તો "શોક્યનું સાલ થશે" ને તેમ ન થાય તે માટે અનેક મિથ્યાઉપાયો છોકરાં થવાને માટે કરે છે. જોશી જતી ને બાવા ભૂવા પાસે જાય છે ને તેમાં ઘણો પૈસો ખર્ચ કરી ગ્રહદશા જોવડાવે છે ને જંતર મંતર ને દોરા ધાગા કરાવે છે. પણ આવા મિથ્યા ઉપચારથી કાંઈ વળતું નથી ત્યારે થાકે છે ને નિરાશ થાય છે અને છેવટે તેનો ધણી બીજી સ્ત્રી કરેછે, અગર તો તેના સગાં, કે હિતેચ્છુ બીજી સ્ત્રી કરાવે છે.

૪. ઉપર કહ્યું કે સંતાનને મોટું સુખ માને છે તે મોટું સુખ પુત્રીથી નહિ પણ પુત્રથીજ પૂર્ણ થાય છે આ માણસને સંતાનનું સુખ છે એટલે પુત્રાદિ છે. પુત્રીઓ હોય તેને સંતાનનું સુખ છે એમ ગણાતું નથી. એક

---

*ત્રીજા પ્રકરણમાં હું બતાવીશ કે આજ દુઃખો સંતતી ન થવામાં કારણ રૂપ છે.

મારો સમજુ મિત્ર પોતાને ત્યાં પુત્રોદ્દ્ભવના સમાચાર નીચેના શબ્દોમાં જણાવે છે. "અત્રે ઘરની ખબર કાલરોજ આવવાથી ખુશ ખબર લખવા પ્રવૃત્ત થયો છું કે ઇશ્વર કૃપાથી જીંદગીનું સાર્થક થઈ ગયું છે. પછી ઇશ્વરાધિન છે. કર્તા હર્તા તેજ છે." +++ ઇત્યાદિ. આ લખનાર મિત્ર ઘણો સમજુ છે ને તેને વિષે મારી પણ માનબુદ્ધ છે. તેણે ઊંચા પ્રકારની કેળવણી પણ લીધેલી છે. તેમ છતાં આમ લખે છે ને તેનું માનવું આમ છે તો બીજાનું હોય તેમાં શું આશ્ચર્ય? આમ માનવાનાં કેટલાંક કારણો છે. આપણા વેદાદિ પુસ્તકોમાં આમ માને તેવા *કેટલાક મંત્રો છે. તેઓ કહે છે કે પુત્ર ન હોય તો શ્રાદ્ધાદિ પિતૃસુખદ કર્મ કોણ કરે? અને જ્યાં સુધી પુત્ર ન થાય ત્યાં સુધી પુત્ર પિતૃઓનો દેવાદાર છે. માટે જ્યારે પુત્ર નથી થતો ત્યારે બીજી સ્ત્રી કરે છે. કેટલાક વખત પુરૂષ સમજુ હોય છે ત્યારે કહે છે કે જો એને પુત્રીઓ થાય છે તો ×પુત્ર થવાનો પણ સંભવ છે. પણ તેના સગાં વહાલાં શત્રુ બની બીજી સ્ત્રી કરાવે છે. ને કહેશે કે તારે શું દુઃખ છે. ? અમે બેઠાં તું વાંઝીઓ રહે તો અમને મહેણું બેસે, પૈસા જોઇશે તો હું આપીશ, કર બીજી; વિગેરે. પણ કહેવત છે કે "માંડવા બાંધવા સૌ આવે પણ છોડવા કોઈ આવતું નથી." તેની પાછળ તેના દુઃખ સામું મશ્કરીની નજરથી જુએ છે ને કહે છે કે જુઓ ફલાણાભાઇએ ઘરડે ઘડપણ પળીઆમાં ધૂળ ઘાલી, એમ તે છોકરાં થતાં હશે? એમ હોય તોતો કોઇ વાંઝીઆ ન રહેત વિગેરે વિગેરે.

૫. કેટલીક વખત કોઈ નાતમાં કે કુળમાં જ્યારે કન્યાની છત હોય છે ત્યારે તે કુળવાનનાં પૂછડાંઓને બીજી સ્ત્રી કરવાનું બનવાનો વધારે સંભવ છે. કાંઇ નજીવા કારણસર બીજી સ્ત્રીઓ લાવે છે. એવા મિથ્યા કુલાભિમાનીઓને કાંઈ પરઠણ કન્યાના માબાપે આપવાનો ઠરાવ હોય છે તે ઠરાવ પ્રમાણે અગર ભાઈની મરજી પ્રમાણે તેમાં નહિ થવાથી ઘણીવાર વહેવાઇ વહેવાઈમાં તકરાર પડે છે. આ વખતે "પાડે પાડા લડે ને વચમાં ઝાડનો ખાણવળો" એ કહેવત પ્રમાણે નિરપરાધી કન્યાને ઘણું સહન કરવું પડે છે, ને તે વખતે બીજી સ્ત્રી કરે છે, ને જૂનીને તેના બાપને ઘેર

---

*એ વિષે પણ ત્રીજા પ્રકરણમાં કહીશ. ×એ વિષે પણ ત્રીજા પ્રકરણમાં કહીશ.

કાઢી મૂકે છે; એવી મતલબથી કે એમ કરવાથી પોતાનો ધારેલો હેતુ પાર પડે. આવા દાખલા અમદાવાદ અને સિદ્ધપુરના ઉદીચ્ય બ્રાહ્મણોમાં, ચ૨ોતરના પાટીદારોમાં, કપડવંજને સર્ખેજના મોઢ બ્રાહ્મણોમાં કે બીજા ગમે તે ઉંચા ગણાતા કુળમાં સાધારણ છે.

૬. ઉપર કહેલા મિથ્યાઉંચા ગણાતા કુળમાં કેટલીક વખત સ્ત્રીના સ્વલ્પ (ઘણાજ નાના) અપરાધને લીધે અથવા વાસ્તવિક અપરાધ નહિ છતાં પોતાને અપરાધ જણાયાથી બીજી સ્ત્રી કરવાની વાત ઘણાએ સાંભળી હશે. પાણી આપતાં જરાવાર લાગવાથી બીજી સ્ત્રી કરવાની મોટાઇ ધરાવનારા કુળના માણસો હાલમાં પણ છે. એ લોકોમાં ઘરમાં જરા બોલા બોલી થતાં તુરત કન્યાવાળા પૂછવા જાય છે કે કેમ બાઈ છે મરજી? સ્ત્રી જાત વળી સામો ઉત્તર આપે? તમારે શું ખોટ છે? ગાડીદો તેને પણ ખબર, જાણે કે દુનિયા ઉપર પડયા છે. આવા શબ્દ સાંભળી આંખનો આંધળો કુળવાન પડાઇની માફક ચડે છે ને હા પાડે છે ને તુરત બીજી સ્ત્રી પરણી ઘેર આવે છે.

૭. કેટલીક હલકી જાતોમાં જેવા કે તળબદા કોળી, ખેડૂત, કુંભાર વિગેરે નાતોમાં વહુના કાંઇ પૈસા બેસતા નથી તેથી એવા લોકો એક સ્ત્રી હોય છે ને બીજી પરણે છે. અગર નાતરે લાવે છે. ને તે એવી મુતલબથી કે આપણને કામ કરવામાં ઘણી અડચણ પડે છે. તેથી એક વધારે બૈરૂં હોવતો ઠીક પડે કે જેથી આપણી માણસની ખોટ પૂરી પડે. એ લોકોમાં જે સહેજ વધારે પૈસાવાળો હોય છે તેતો ઉંચ જ્ઞાતિના કુળવાનની પેઠે એથી પણ વધારે બૈરીઓ એવાજ કારણસર લાવે છે.

૮. રજપૂત, ગરાશીઆ, ઠાકોર કે નાના મોટા રાજા રાણાઓ ઘણી સ્ત્રીઓ પરણે છે. તે લોકો માને છે કે જેમ સ્ત્રીઓ (રાણીઓ) વધારે હોય તેમ વધારે આબરૂ. હાસ્યને માટે કહેવાય છે કે "કાઠીઆવાડના એક ઠાકોરને ત્યાંના પોલીટીકલ એજન્ટે પૂછ્યું. કે ઠાકોર સાહેબ, આપને કેટલી રાણીઓ છે? ઠાકોર સાહેબ પછી સાહેબની સમક્ષ ગણવા લાગ્યા કે એક ફલાણા ગામની, બીજી ફલાણા ગામની, ત્રીજી ફલાણા ગામની, એ રીતે સાત રાણીઓ ગણાવી ત્યારે પો. એજન્ટે પૂછ્યું કે એ સાતજ છે? ના બીજી છે તો ખરી પણ બરોબર યાદ આવતું નથી. તે બધી વાત મારો

કારભારી—નામ આપી કહ્યું કે ફલાણોજી જાણે છે" આ ઉપરથી જણાય છે કે એ રાજાઓ ફક્ત માનને ખાતરજ વધારે સ્ત્રીઓ પરણે છે કોઈ સમજુ ઠાકોર કે રાજા ના પાડે તો કહે છે કે તમારા દાદાને આટલી રાણીઓ હતી ને તમારે એકજ! એ તે શું ગમ્યું! એમ કરીએ તો (એકજ સ્ત્રી પરણીએતો) આપણી આબરૂ જાય એમ કહી નાખુશીથી પરણાવે છે. મોરોકોના હાલના રાજાને ૩૯૫ સ્ત્રીઓ છે. આ વાત વાંચક વર્ગથી અજાણી નહિ હોય. તેમજ મુસલમાન પાદશાહાનો જનાનો પણ નાના સરખા રાજાની ફોજ જેટલો હતો ને હોય છે. આ વાત પણ ઇતિહાસ જાણનારાને અજાણી નથી.

૯ જે જે નાતોમાં કુળ જોવાનો ચાલ છે તે તે સઘળી નાતોમાં બીજી સ્ત્રી જેટલી થતી હશે તેટલી બીજી નાતોમાં નજ થાય તે પૂર્ણ સંભવિત છે. તેમાંના કેટલાક ઉંચ કુળમાં ગણાતા મૂર્ખાતો કન્યા પરણવાનો ધંધો લઇ બેઠા હોયની! તેવા જણાય છે. તેના માબાપો એવા તો દુષ્ટ હોય છે કે તેવી દુષ્ટતા કસાઇનો ધંધો કરનાર કસાઇમાં પણ નથી હોતી. પોતાનો છોકરો પરણી ગજવું લઇ ઘેર આવ્યો એટલે પોતાના મનમાં ગાંઠ વાળેછે કે હવે એ લહુ આપણે કશી ખપની નથી. તેથીજ તે બિચારીને ઘરના બારણામાં પેસતાંજ ગાળો, મહેણાં, ને ઠપકાથી વધાવા માંડે છે. તેની સાસુ ને નણંદ બંને મળી તે બિચારીને અસહ્ય દુઃખ આપે છે. ને તેના કાચા કાનના ધણીને સમજાવી જુઠી વાતોથી તેના કાન ભરી બિચારી નિરપરાધી અબળાનો બરડો હળવો કરાવે છે. આમ દુઃખ દેવાની મતલબ એવી હોય છે કે તે વહુને નઠારી સિદ્ધ કરી બીજી સ્ત્રી પરણી ગજવાના પૈસા ખાવા. એ રીતે એક કરતાં વધારે વાર એમ કરે છે. મૂર્ખ છોકરા આગળ પોતાનું કામ તેના માબાપો નિર્વિઘ્ને પૂર્ણ કરે છે. ને પોતાનાજ છોકરાંને પોતાને હાથે કાંટાના વૃક્ષો વાવી આપે છે.

૧૦. ઉપર એક સ્ત્રી જીવતી છતાં બીજી પરણવાનાં સામાન્ય કારણો કહ્યાં તે સિવાય બીજાં ઘણાં સબબે બીજી સ્ત્રી અજ્ઞાન લોકો પરણે છે. કુળવાનને ત્યાં કોઇ માણસ આવી વિવાહ (સગાઇ) કરી જાય તેજ વખત તે વરનો અંગનો સગો પરગામ હોય ને ત્યાં બીજી કન્યા સાથે વિવાહ કરે તે પણ કબૂલ રાખવા પડે છે. એમ થવાથી નાનપણથીજ બે સ્ત્રીઓ થાય છે. કોઇ વખત કોઇ મહેણું મારે કે તુરત બીજી કરે છે. વિગેરે વિગેરે.—

પ્રકરણ ૨ જું. વિપત્તિ વર્ણન.

૧ પૈસાનું દુઃખ.

૧૧ કેટલીક નાતોમાં કન્યાના માબાપોને પૈસા આપવા પડે છે. આ રકમ કેટલીક નાતોમાં એટલી તો મોટી હોય છે કે તેમાં ઘણાક પુરૂષો કુંવારા મરી જાય છે, ને પૈસાદારને પણ તે રકમ ભારે પડે છે. તો ગરીબનું તો ગજુંજ શું? હવે જ્યારે કોઈ માણસને સંતાન નથી થતું ત્યારે તે માણસ બીજી સ્ત્રી પરણે છે અગર બીજા માણસો પરણાવે છે. ત્યારે બીજવર તથા શોક્યપર જવાનું એ બે કારણોને લીધે કન્યાનો બાપ ઘણી મોટી રકમ માગે છે. તથા તે કન્યાને માટે ઘરેણાં તથા લૂગડાં પણ વધારે કિંમતનાં આપવાં પડે છે. આથી તે બિચારો બીજી સ્ત્રી કરનારો પૈસા તરફથી ઘણી માઠી અવસ્થામાં આવી જાય છે. ધંધામાંથી મૂડી ઓછી કરવી પડે છે. તેથી કમાણી ઓછી થાય છે ને ખર્ચ બમણું થાય છે. આથી તેની પૈસા તરફથી દહાડે દહાડે માઠી સ્થીતિ આવતી જાય છે. કદાપિ જો તે નાણાં કરજે કાઢયાં હોય તો તો તેના પૂરેપૂરા ભોગ મળ્યા જાણવા. કારણ જ્યારે ખર્ચ ઓછું હતું ત્યારે પૈસા બચ્યા નહિ તો મુડી ઓછી થવાથી જ્યારે કમાઈ ઓછી થવાનો સંભવ થયો ને ખર્ચ બમણું થયું. ત્યારે તો પૈસા ક્યાંથીજ બચે? ને બચે નહિ ત્યારે વ્યાજમાં શું ભરે ને જ્યાં વ્યાજના સાંસા ત્યાં મુદ્દલનું તો બોલવુંજ શું? આ સ્થીતિમાં આવવાથી બિચારો મહા દુઃખી થાય છે. ને ફિકરમાં ને ફિકરમાં પહેલાની પેઠે ધંધો રોજગાર થતો નથી. મનમાં ધંધાનો ને લેણદારોનો વિચાર થયા કરે છે. તેથી તેની શારિરિકને માનસિક પ્રકૃતિઓ બગડે છે. તેથી ધંધો વખતે મુદ્દલ થતો નથી ને તેથી કમાઇ કમાઇને ઠેકાણે રહે છે, ને પૈસા વગર મહા વેઠા ભોગવે છે.*

૧૨ આટલું બધું પૈસા તરફનું દુઃખ કાંઇ દરેક બીજવરને પડતું નથી પણ એતો નકી છે કે જેની નાતમાં કે કુળમાં પૈસા આપવા પડે છે, તેને તે આપવાની રકમના પ્રમાણમાં આપત્તિ પડવાનીજ. કદાપિ કોઇ નાતમાં કે કુળમાં પૈસા આપવા પડતા નથી તોપણ તેની પૈસા તરફની

---

* આ દુઃખો સંતતિ થવામાં પ્રતિરોધક છે.

સ્થીતે ખરાબ થવાનીજ. નવી સ્રી આવવાથી કામપર ચિત્ત બરોબર ચોંટવાનું નહીં તેથી કમાઇ ઓછી થવાની ને ખર્ચતો બમણું કે તેથી પણ જાદે થાય છે. પૈસા ઘરેણું કે બીજી કાંઇ જણસ જે જેની વાયે આવ્યું તે વણસાડશે. તેમજ ફોઈ કે બેન આવશે તે પણ વહુઓને પટાવીને લઈ જશે. ઘરનું કોઇ કામ માથે રાખશે નહિ તેથી ઘણું નુકશાન થશે.

૧૩. જ્યારે પુત્રને સારૂ બીજી સ્રી કરે છે ત્યારે પણ ઉપર પ્રમાણે પૈસાનું નુકશાન થાય છે. વિશેષમાં તેમને રહેવાને ઘર પણ જૂદાં આપવા પડે છે, તેથી તેટલું પૈસાનું વધારે નુકશાન થાય છે. નવી આવેલી સ્રી ઉમરમાં કાચી હોય છે, તેથી સમજણમાં પણ કમ હોય છે. આડોશી પાડોશીના ભમાવવાથી ભમે છે; તેઓ તેને સમજાવી પટાવી ખાઈ જાય છે, તથા જોશી જતીને બાવા ભુવાની લતે લગાડી પૈસા ખરાબ કરાવે છે ને કહે છે કે કાંઇ તારા ઘરમાં પૈસાની ખોટ નથી માટે ગમે તેટલો પૈસો ખર્ચી છોકરો થાય તેવું કરવું જોઈએ માટે જ્યાં ત્યાં મિથ્યા દાનમાં ને ખોટા વહેમમાં પૈસા ખરાબ કરાવે છે.

૧૪. વહેવાઈ વહેવાઇની અંદરની તકરારને લીધે જ્યારે કોઈ બાપદાદાની મોટાઈમાં મદાંધ થએલા મૂર્ખો બીજી સ્રી પરણે છે ત્યારે તેમને જૂની સ્રીને ઘેર રાખવી પડતી નથી પણ તેના બાપને ઘેર કાઢી મૂકે છે. તેથી તેમને તેની તરફનું દુઃખ કે ખર્ચ ભોગવવું પડતું નથી પણ જો તેનાં (વહુનાં) માબાપ પોહોચેલાં હોય તો તો ફરિયાદ કરીને પણ ખોરાકી પોશાકી લે છે પણ આ ઠેકાણે દીલગીરી સાથે જાહેર કરવું પડે છે કે મિથ્યા કુળપર મોહિત થએલ મૂર્ખો પોતાની છોકરીને દુઃખ સહન કરાવે છે ને કોર્ટમાં ફરિયાદી કરતા નથી. તેમ કરવાથી પોતાની આબરૂ જાય એમ માને છે. એથી પેલાઓને ફાવે છે. કેટલાક નાતમાં ફર્યાદ કરે છે પણ તે કુળવાનના પૂછડાં ન્યાતને ભાગેજ પત કરે છે. કેમકે નાતના આગેવાન તેના સગાઓજ હોય છે. તેની તરફનુ તેના (દીકરીના) માબાપને દુઃખ ભોગવવું પડે છે.

૧૫. જે જે હલકી નાતોમાં "વગર પૈસાનું મજૂર" ગણી બબે ત્રણ ત્રણ બૈરીઓ આણે છે તે તે નાતો પણ પૈસાથી દુઃખીજ થવાની કેમકે જે સ્રીને માત્ર કામ કરવા લાવ્યો છે, તે સ્રી મજૂરી શું

કરવા કરે તેને નિશ્ચય છે કે આપણને તો અહીં જો સુખ નહિ મળે તો બીજે જઈશું આવું સમજનારી સ્ત્રીઓ શું કરવા મજૂરી કરે, નક્કી માનજો કે તેતો ઉલટું નુકશાન કરવાની, કેમકે તેને પોતાપણું નથી. ને જેને પોતાપણું નથી તે કેમ નુકશાન ન કરે? અલબત્ત કરેજ. મજૂરી કે ધંધો વધારે થવાને બદલે ઓછો થશે કેમકે સ્ત્રીઓની વઢવાડથી તેનું ચિત્ત ધંધામાં બરોબર ચોંટશે નહિ ને ખર્ચતો ઘરમાં વધશે.

૧૬. સઘળી વાતમાં મિથ્યાઆડંબર રાખનાર હાલની ક્ષત્રિય જ્ઞાતિ આ બાબતમાં પણ *મિથ્યાઆડંબર રાખે છે ખાવાને ખોરી જુવાર મળે નહિ પણ બીજી સ્ત્રી કરતાં પાછા હઠતા નથી તે વારંવાર પોતાના બાપદાદાના વખાણમાંજ ખરાબ થાય છે. જ્યાં એક સ્ત્રીનું પૂરું થવાનું મુશ્કેલ તેમાં બીજી કેમ સમાય? વળી મોટા કુળના કહેવાય તેથી ઠકરાણાથી કામ પણ શી રીતે થાય? એવી રીતે મિથ્યાભિમાનમાં થોડોક ગરાસ હોય તે પણ ખુએ છે પોતે દુઃખી થાય છે અને પાછળ છોકરાંને પણ દુઃખમાં મૂકી મરણ પામે છે.

નાનાં મોટાં સંસ્થાન કે રાજના ધણી રજપૂતો પણ વધારે સ્ત્રીઓ કરવાથી ખરાબખસ્ત થઈ જાય છે દરેક બાઈને (રાણીને) જૂદા જૂદા કામદાર હોય છે તેઓ રાજ્યમાં ખટપટ ઘાલે છે ફુંકી ફુંકીને ઉંદરની પેઠે રાજને ખાઈ જાય છે ને પોતાનાં ઘર ભરે છે સાચા જૂઠા કુંવરો લાવે છે, પાટવી થવાને માંહેમાંહે વઢાડે છે ને પૈસા ખરાબ કરાવે છે વકીલ બારીસ્ટરોનાં પેટ ભરે છે તથા કોરટમાં પૈસા વેરે છે ને રાજ્યને પાયમાલ કરી નાંખે છે ને સિલકમાં શુન્ય કે શુન્યથી ઓછા અર્થાત્ દેવું કરાવેછે.

૧૭. કોઈ કહેશેકે વરવાળા કન્યાવાળાને કે કન્યાવાળા વરવાળાને પૈસા આપે છે તેથી (અર્થ શાસ્ત્રની રીતે) કાંઈ નુકશાન નથી કેમકે એકની પાસેથી પૈસા બીજા પાસે જાય છે માટે વાસ્તવિક નુકશાન કંઈ નથી પણ તે અર્થશાસ્ત્રીએ નીચે કહેલી વાત લક્ષમાં લેવી. જેને પૈસા મળેછે તેને મફતના મળ્યા આવી સમજથી ઘણા તો નાતવરામાંજ ઉડાવી દે છે ને જે બાકી વધ્યા તે પણ બીજા ઉડાઉ ખર્ચમાં ઉડાવી દે છે કેમકે

---

*મોટાં મોટાં નામ પાડે છે અજીતસિંહ, ગજરાજસિંહ, વીરસિંહ વિગેરે, ખાવાના નામ પણ મોટાં મોટાં માનભોગ કેકુરિયો (ઘેંસ) કેસરીયો (કઢી) વિગેરે—લૂગડાંના નામ પણ પાય જામો વિગેરે.

પ૪૯૩

ખરી મહેનત વિના મળેલા પૈસા વાપરતાં મનમાં કાંઇ લાગણીઓ ઉત્પન્ન થતી નથી, તે જ્યાં ત્યાં વપરાઈ જાય છે ને ક્યાંથી આવ્યા ને ક્યાં ગયા તે પણ જણાતું નથી છોકરા છોકરીના પૈસા લઇને પૈસાવાળા થએલા તમે કદી જોયા છે.? કદીજ નહિ. પૈસા મેળવવાનો આ રસ્તોજ નથી, ખરો રસ્તો ઉદ્યમજ છે. બીજા તો ફાંફાં સમજવાં

મનહર.

નવી તણો બાપ માગે, દામ કન્યા કિંમતના,
અધિક અલંકારમાં, દામ જોશે હારમાં;
મૂડી તેથી ઓછી થશે, ખરચ બમણું થશે,
ધંધો પણ ઓછો થશે, જીવ રે'શે નારમાં;
તેથી દિન પ્રતિદિન, કમાઈ કમતી થશે,
ઉતરતાં ઉતરતાં, છેક જશે પારમાં;
ધન જતાં માન ગયું, માન જતાં સર્વ ગયું,
ટકાના થઇને રહ્યા, નાર તણી હારમાં. ૧

शोक्यनुं साल, कजियाकंकाश, नें मननो खरो बळापो.

૧૮. ઉપર ધન સબંધી દુઃખ જણાવ્યું તે દુઃખ કેટલાક ધનવાનને અને કુળવાનને ઓછું લાગતું હશે પણ આ દુઃખતો ઘણુંકરીને સઘળા બે બાહડીવાળાને સહન કરવુંજ પડશે. કેટલીક વાર એમ બને છે કે જ્યારે પહેલી વારની સ્ત્રીને છોકરાં નથી થતાં અગર એકલી છોકરીઓજ થાય છે ત્યારે તે સ્ત્રીજ પોતે કહે છે કે તમે બીજી કરો, મારી તરફથી કજીઆ કંકાશની શંકા લાવશો નહીં. આવું બોલનાર સ્ત્રી ઘણુંકરીને ડાહી હોય છે પણ નવી આવેલી સ્ત્રી ઉમરમાં નાની હોય છે, ને તેને લીધે સમજણમાં પણ કાચી હોય છે તેને આડોશીપાડોશી ને સગાં વહાલાં આડું અવળું સમજાવીને વઢવાડ સળગાવે છે. પ્રથમ તો જૂની સ્ત્રી કોઈ રીતે કજીઆ કંકાશ લોકોના ભમાવ્યાં છતાં પણ કરતી નથી પણ જ્યારે નવીના વારંવારના કથન સાંભળી જૂનીનો **વાંક માની** તેનો ધણી વઢવા દોડે છે, ગાળો દે છે, ને વખતે મારે પણ છે, તે દહાડાથી પેલી જૂની સમજુ હોય તો પણ ગાંડી થઈ બેસે છે. ને રોજ રોજ બંને સ્ત્રીઓ વઢી મરે છે ને ઘણાં માણસને ભેગાં કરે છે એકમેક ગાળોનો વરસાદ વરસાવે છે તે વાતની ખબર ધણી ધંધાપરથી ઘેર આવતાં તેને પડે છે તેને પક્ષપાતનો રોગ થવાથી પેલી નવીનું કહેવું સાચું

માને છે ને જૂનીને મારવા દોડે છે અને એમ રોજ રોજ ભવાડા થાય છે તેથી કાયર થઈ તે બંનેને જૂદા જૂદા ઘરમાં રાખે છે કે જેથી તેમની વઢવાડ પતે. પણ તેમ કરવાથી તે લડાઈના ભભૂકા ઓલવાતા નથી પણ ઉલટા વધારે જોશમાં નિકળે છે; પણ આ લડાઈ રોજરોજ થવાને બદલે લગભગ અઠવાડીએ અઠવાડીએ થાય છે. તેમાં વધારે માણસો ભેગા થાય છે વખતે મારામારી પણ થાયછે. ને ભાયડાની તથા તેમનાં માબાપની આબરૂ વહેંચાય છે. આ વાતની ધણીને ખબર પડતાં વળી તે જૂનીને તાડન કરે છે. એમ આંતરે આંતરે સદા લડાઇ થયાં કરે છે. સદા નવી જૂનીનાં ખોદણાં તેના આગળ ખોધાં કરે છે. તેથી બિચારો ધણી પણ કાયર કાયર થઇ જાય છે. શું કરવું તે સૂઝતું નથી. હાય વખતે રાંડો વઢશેને આવી બીક સદા મનમાં રહ્યા કરે છે. ને મનમાં બળાપો થયા કરે છે કે "અરે! આ મેં જખ મારી કે સુખ આપી હાથે કરીને દુઃખ વેચાતું લીધું, બળ્યું આ જીવવું ને બળ્યું આ છોકરાનું સુખ! આજ બીજી પરણ્યા ને આટલાં વર્ષ થયાં પણ કોઇ દહાડો સુખેતો બેઠાજ નહિ. લોકોનું સાંભળવું, રાંડોનું સાંભળવું, સગાનું સાંભળવું. મનમાં એકે દહાડો ખરૂં સુખતો ભોગવાયું નહિ જ્યારે જોઇએ ત્યારે રાંડોની હાય હોય ખરી ને ખરી. ધંધામાં પણ ચિત્ત ચોટતું નથી. કારણ રાંડોની વઢવાડ મનમાં ઘોળાયાજ કરે છે મારી આબરૂના પણ કાંકરા થયા. બાપનું નામ વગોવાયું. મારે ઘેર લોકો ભેગા થાય એના જેવું બીજું દુઃખ શું? હું જે બીજાને હસતો તે હવે મને હશે." એમ અનેક પ્રકારે મનમાં બળ્યા કરે છે.

૧૯. હવે બાપના નામપર રળી ખાનારા કુળવાનોતો જૂનીને તેના બાપને ઘેર કાઢી મૂકે છે, તેથી તેમના તરફનું તેને સહન કરવાનું થોડુંજ છે, એમાંતો વહેવાઈ વહેવાઈની વઢવાડો ચાલે છે. નાતમાં ને ગામમાં એક બીજાની બદબોઈ કરે છે. સરકારમાં ને નાતમાં ફર્યાદો કરે છે. ને એકબીજાને ફજેતીને ફાળકે ચઢાવે છે. વળી જેમણે એકની સાથે આમ કીધું તે બીજીની સાથે પણ એમજ કરનાર ને તેનાપર પણ ત્રીજી લાવવાના. તેનાં માબાપ પણ તેની સાથે લડવાનાં ને એક બીજાની આબરૂના કાંકરા કરવાનાં, અને એથી બંનેના કુટુંબોમાં કંકાશ કજીઆ થવાના.

૨૦. ઊંચ નાતની શોકોની વઢવાડ કાંઇક મર્યાદામાં હોય છે, પણ નીચ જાતિની બે શોકોની વઢવાડતો એક ખરેખરી ભવાઈનાજ જેવી થા-

ય છે. ત્યાં એવા અપશબ્દો કે બેઆદબી ભરેલા શબ્દો બોલાય છે કે તે સારા માણસોથી તો સાંભળી પણ શકાતા નથી. તેઓ વગર વિચારે એક બીજાને અને એક બીજાનાં સગાંને કે મા બેનને તોશું! પણ અરે પોતાના બાપડાને પણ જીભાળી ગાળો દેછે. ને અનેક માણસો તેમની ફજેતી જુએ છે. વખતે મારામારી પણ થાય છે, આ બધી વાતથી ધણીના મનમાં પણ ક્લેશ ઉત્પન્ન થાય છે. ને કેટલીક વખતતો તેજ વખત એકને કાઢી મૂકી બીજીને નાતરે આણે છે. પણ વિચાર કરતો નથી કે જેથી દુઃખ થાય છે, તે રસ્તે હું શામાટે જાઊં છું; ફરી તેજ કંકાશમાં પાછો પડે છે, ને તનમનથી દુઃખ ભોગવે છે.

૨૧. નાના મોટા રાજાઓને અનેક સ્ત્રીઓ હોય છે. એક ખટપટ કરી જાણનાર ચાલાક સ્ત્રી રાજાને વશ કરે છે તે માનીતી કહેવાય છે, તેના પર અને રાજાપર બાકીની સ્ત્રીઓ વૈરભાવ રાખે છે. કેમકે પેલી માનીતી રાણી તેમને દુઃખ દેવડાવે છે. ને રાજા પણ તેનું કહ્યું વિચાર વગર અંગીકાર કરી તેમને દુઃખ દે છે. તેઓની વઢવાડ બીજા લોકોના જેવી ઉઘાડી નથી હોતી. પણ મનમાં દાઝ રાખી "કાંઠાપર અમૃત ચોપડેલા વિખના ઘડાની પેઠે" લાગ આવે કામ કાઢવાને તત્પર થઈ રહેછે. પેહેલી પરણેલીને એકાદ છોકરો થયો હોય ને પછી તે અણમાનીતી થઈ હોય ત્યારે તો ઘણી ખટપટ ચાલે છે. પાછળથી માનીતી થયેલી સ્ત્રી પહેલીના કુંવરને મારવાનો પ્રયત્ન કરે છે. ને પેલી બીજીઓની સાથે મળી માનીતીનો કે તેના છોકરાનો કે વખતે રાજાનો પણ પ્રાણ લેવાને ઉપાય કરેછે. એવી રીતે ઘણા પ્રાણ ગયેલા સાંભળવામાં આવ્યા છે. એમ રાણીઓના કુસંપથી રાજાનું મન પણ ઉદાસ રહે છે. માનીતી પણ તેને ખરા દીલથી ચાહતી નથી, તો બીજીઓ કે જેની ઉપર તે દુઃખનો વર્ષાદ વરસાવે છે તેતો ચાહેજ ક્યાંથી? અણમાનીતીઓપર દુઃખ પડવાથી તેમના માબાપ તે રાજાપર વેરભાવ રાખે છે. અને તેમાંનો કોઈ રાજા અગર કોઈ રાજાનો મિત્ર કે સગો બળવાન હોય તો તેનું રાજ પણ પડાવી લઇ તેને મારી કે કાઢી મૂકી તેનું રાજ ખેદાન મેદાન કરી નાખે છે. આવું

---

* લીંબડી નામના કાઠિયાવાડના ગામમાં ત્રણ કન્યાના રૂપિયા ત્રીશ હજાર લેનાર માણસનું ઉત્તર કાર્ય તેના પૈસાદાર જમાઈઓને કરવું પડ્યું હતું, આ તાજો દાખલો શું કન્યાના પૈસા ટકતા નથી તે બતાવવાને બનથોડસ

કોઈકજ વખતે બને છે. પણ હમેશાં તેના મનમાં ફિકર રહ્યા કરે છે કે રખેને કાંઈ કાવતરૂં હોય? કોઇનો વિશ્વાસ કરી શકતો નથી. માનીતી-ના ભમાવવાથી તેના મનમાંથી જરા પણ ભય દુર થતો નથી. કેમકે માનીતી વારંવાર તેના કાન ભર્યા કરે છે કે "કાલે ચાવડી પેલા તેના બા-પને ત્યાંથી આવેલા સોલંકી સાથે કાંઇ વાત કરતી હતી. તેમાં રાઘવજી પણ ભળેલો જણાય છે માટે ચેતીને ચાલજો" એમ જૂઠું જૂઠું બોલ્યા કરે છે. કાનના કાચા ને જ્ઞાનચક્ષુ રહિત રાજાઓ બેઉ બાજુ તપાસ્યા વગર તે વાત સાચી માને છે. જેને તેને અમથું દુ:ખ દે છે. ને રાજના ને રાજ-ના શત્રુ બનાવે છે કે જે વખતે મોટી આપદામાં નાંખે છે.

૨૨. ગમે ત્યાં એકજ જગાપર ને જ્યાં એકની જરૂર હોય ત્યાં એ-વાનાં આવે ત્યારે વાંધો પડવાનો સંભવ છે. તે વખતે બંનેએ વહેંચી વર્તવું જોઇએ. પણ એ ડહાપણ હાલના હિંદુઓમાં ક્યાંથી? અને તેમાં વળી હિંદની સ્ત્રીઓમાં તો આશાજ શી? નવી સ્ત્રી કે જે ઉમરમાં ને સમજણમાં કાચી હોય છે તેને *હાણુસંતોષી સ્ત્રીઓ આડું અવળું સમજાવી વઢવાને ઉશ્કેરે છે. મૂર્ખ ધણી તેમની વગ કરી જૂનીની સામો થાય છે. પોતે સદા ઉદાસ રહે છે. જૂનીને પણ સદાય ઉદાસી આપે છે. કજીઆ કંકાશથી સુખમાં એકે દહાડો જતો નથી. આબરૂના પણ કાંકરા થાય છે. જૂનીના સાસરામાં તેનાં ને તેનાં કુળનાં વગોણાં થાય છે એટલુંજ નહિ પણ કેટલાક લોકોને તો તેમની વાત એજ ગમતનો વિષય થઇ પડે છે તે સાંભળી સમજુ સ્ત્રી પુરૂષનાં લોહી ઉકળે છે, ને તે મનમાં બળાપો કર્યા કરે છે.

સુણો સ્વામી વાત સાચી, કદી ન તમોથી રાચી,
એતો રાંડ નથી કાચી, બહુ દુ:ખ આપે છે;
એની ભુંડી ભુંડી ગાળો, સ્વામીરે સંખાતી નથી,
તમેય તેનાથી ડરો, એ મને સંતાપે છે;
મારી ગાળ સાંખું પણ, તમારી સંખાતી નથી,
તમેય તેનાથી ડરો, એ જીવ વિલાપે છે;
આજ મારો પ્રાણ જાવ, તમારી ગાળોને માટે,
હવે જઈશ પિયર હું. અતિશે એ શાપે છે. ૨

बिचारी अबळाना निःश्वास एटले निसासा.

૨૩. હાલના આર્ય સંસારમાં સ્ત્રી ઉપર તેમના પુરૂષની સત્તા અ-

*બીજાને નુકશાન કરી સંતોષ પામનાર.

પરિમેય ગણાય છે. તેથી તે બિચારી અબળાને તેનો મૂર્ખ પતિ ગમે તેટલું દુઃખ દે છે તોપણુ તે તેને મુંગા પ્રાણીની પેઠે મુગે મોઢે સહન કરવુ પડે છે આ દુઃખ જેમ સ્ત્રી ગરીબ હોય તેમ વધારે ભોગવવું પડે છે, બનેની વાત સાંભળ્યા વગરજ પક્ષપાતી પતિ નવીનીજ વાત સાચી માની બિચારી નિર્દોષ અબળાપર ગાળોનો ને મારનો વર્ષાદ વરસાવે છે. અને રડતાં રડતાં તે સ્ત્રી જો તે વખતે પોતાનું નિર્દોષપણું બતાવવા જાય ને તેનો ઉચ્ચાર હોઠની બહાર નીકળતો નથી, તેવામાં તો "રાંડ તું મારા સામું બોલે છે" એમ કહી માર મારે છે. પણુ તે બિચારીને સહન કરવો પડે છે, ફક્ત નિઃશ્વાસ નાંખીનેજ બેસી રહે છે. ઘડીમાં તે પોતાના મા બાપનો વાંક કાઢે છે કે "અરે માબાપે ઊંચા કુળ જોઇને પરણાવી જે આવું દુઃખ સહન કરવું પડયું. આ કરતાં ગળથુથીમાં ઝેર દીધું હોત તો શું ખોટું હતું. પણુ તેમણે પોતાનો સ્વાર્થ તાકી મારો ભવ બગાડયો" એમ માબાપ પર નીસાસો નાંખી નસીબ પર ઉતરે છે એમાં માબાપ બિચારાં શું કરે નશી બગાં માંડયું હોય તેમ થાય વિધાતાના લેખ કાંઇ મિથ્યા થાય! તેણે આ વરની અને રાંડની સાથે પાનાં પાડ્યાં ત્યારે આ દહાડા આવ્યા કેની? એમ નસીબપરથી વળી ધણી પર ઉતરે છે 'નસીબ બિચારૂં શું કરે એનોજ રડયાનો વાંક છે" મારો એકે બોલ સાંભળતો નથી. અને રાંડનુંજ સાંભળી વઢવા દોડે છે. એમ અનેક પ્રકારે તે બિચારી નિસાસા નાંખી દહાડા પૂરા કરે છે. તેની આંખમાંથી આંસુ એકે દહાડો સુકાતાં નથી.

૨૪. કહેવાતા ઉંચા કુળની ધણીઆણીના નિસાસા આ કરતાં ઘણાજ વધારે છે. સ્ત્રીનું બળજ ઘણું તો નિસાસાજ છે. અને ધણીના સંબંધમાં તો તેજ હોઇ શકે. અને તે નિસાસાનું પ્રમાણુ તેને તેનાં તરફથી પડતા દુઃખના પ્રમાણુમાં છે. ઊંચા કુળની ધણીઆણીને વધારે દુઃખ પડે છે તેથી તે વધારે નિસાસા નાંખે છે. તેને પોતાના બાપને ઘેર રહેવાનું છે. તેથી શોકનું કે ધણીનું પ્રત્યક્ષ દુઃખ તેને પડતું નથી. પણ તેના માબાપને બહુ બળાપો થાય છે. ઉમર લાયક દીકરી તેમનાથી ઘેર જોઇ શકાતી નથી. જ્યાં સુધી તે સ્ત્રીનાં મા બાપ જીવે છે ત્યાં સુધીમાં તો પોતાના જેવડી સાહેલીઓનાં સુખ જોઇને થતાં દુઃખ તથા કામદેવના આવિર્ભાવનું દુઃખ, સંસરામાંથી આવતા સંદેશાનું દુઃખ તથા ભોજાઇના મેણાં સિવાય બીજાં દુઃખ થોડાંજ હોય છે. આ દુઃખ કાંઈ ઓછાં નથી અને તેનું છેવટ પણુ નિસાસાથીજ આવે છે. પોતાની સાહેલીનું સાસરે જવું, નવાંનવાં વસ્ત્રાભૂષણુનું પહેરવું, આણરણી વગેરે પ્રસંગનું જોવું, એ તેનાં દુઃખનાં કારણો છે.

તે વખતે પણ ઉપર કહયા પ્રમાણે નસીબ, માબાપ ને ધણીપર નિસાસા-જ નાંખ્યા કરે છે. કામનો વિકાર જે સ્ત્રીઓને ઘણો પીડે છે (જુઓ ક-લમ ૨૬ માં) તેનું ફળ નિસાસાજ છે, બિચારી અબળાનો ઉપાય શું. સ-સરા તરફની કાંઇ વાત સાંભળતાં, તથા ભાભીનાં મેણાં સાંભળતાં પણ નિસાસાજ નાંખે છે કે પરમેશ્વરે આવા દહાડા આપ્યા ત્યારેજ આમ થા-યની, નહીં તો મને કોઇ શું કહે ઇશ્વર! ઈશ્વર! મેં પેલે જન્મ મહા પાપ કર્યાં હશે જે આ વખત ભોગવવાં પડે છે. શું આ દુઃખ ઓછાં છે, મારા જેવડી સખીઓ છોકરાં તેડી ચટકમટક ચાલે છે ને હું રાંડી રાંડના દિવસ ગુજારૂં છું. આવી સ્ત્રી કેવા નિસાસા નાખે છે. તેનું નીચે વ-ર્ણન કરૂં છું.

સવૈયાની ચાલ.

સુંદરીઓના સુખ ક્યાં શોધું, કહાં ગરૂડને ક્યાં કાગ,
તેના ભાગ્યોદયની આગળ, હું તો પૂરીછું હીન ભાગ્ય;
તેનું સુખને મારૂં સુખ ક્યાં, ક્યાં રાણી ક્યાં ભીખારી
સોગન દઇ પીરસે મિષ્ટાનો, (મારે) માગી રોટલી નહારી. ૧
ભાભી અમથું અગથું બોલે, કહોને નણંદી કાલ પ્રભાત,
કોણ પુરૂષ એ હતો જવાનજ, જેની સાથે કરતાં વાત;
આવાં વચનો બાણ સરીખાં, મુજને મનમાં લાગે બાણ,
પણ કયેમે આ તનના તેતો, બાણ બની નથી લેતા પ્રાણ. ૨
માત તાત કે' સાપનો ભારો, આપણુથી વેઠાય નહિ,
અરે પ્રભૂજી કર્મ ગતિ હને, કોણુની આગળ કે'વી રહી;
સરખે સરખીનાં દુઃખ દેખી, દાઝુંછું દીલ માંય અપાર,
હાય નિસાસા નાંખી રહુંછું. અરે કર્યું શું આ કરતાર. ૩
નાહી ધોઈ વસ્ત્રાભૂષણ ધરી, કૈંક હીંડે કેડે લઈ બાલ,
મદમાતી જેમ ચાલે હાથણી, ચટક મટક તેમ ચાલે ચાલ;
એવી મારી બાળ સાહેલી, સર્વે કો માણે છે મોજ,
મારે ને મારા જેવીને, દુઃખજ દુઃખ પડે છે રોજ. ૪
તજી પ્રાણ પતિ પ્યાર તજીને, પતિ વિના હું રહીછું પ્રાણ,
પતિ વિના સુખની રતિ કેવી, હવે થવાની દુર્ગતિ જાણ;
પતિ વિના મુજ મતિ કેટલી, સુખની ગતિ ક્યાંથી થતી હોય,
સુખકારક સ્વામીજી તજવાથી, દુઃખ વિના બીજી ગતિ નો'ય. ૫

૨૫. આ જે દુઃખ કહ્યાં તેતો માબાપ જીવતાં છતાં પડે છે, માબાપ

મરી જતાં તેના દુઃખનો પાર રહેતો નથી. સાસરામાં જેમ રહેવાનું ઠેકાણું નથી તેમ પીઅરમાં પણ થાય છે. ભાભી ભાઈના કાન ભરીને તેને દુઃખ દેવડાવે છે પાછળ જે શોકના દુઃખ કહ્યાં તે ભાભીજ શોકને થઈ આપે છે તેને ગાળો દેવરાવે છે કે માર મરાવે છે એટલુંજ નહિ પણ વખતે કાઢી મુકાવે છે તેથી બિચારીને ત્યાંથી જવું પડે છે, પ્રથમ તો મોસાળ જાય છે. પણ ત્યાં કોઈ ઘડો કરતું નથી. ત્યાં પણ ઉપર પ્રમાણેજ થાય છે. ત્યારે બિચારી ત્યાંથી પાછી આવે છે પણ તેમ થવાથી ભાભી શ્રી દ" ભાળુ ન થતાં વધારે મહેણાં મારે છે. તે ગયાં હતાં પોસાયાં નહિ હોય? પોતાનાં લક્ષણ સારાં એટલે જ્યાં જાય ત્યાં પોસાયજ તો વિગેરે મહેણાંથી બિચારીને પહેલાનાં કરતા વધારે દુઃખ દે છે, છેવટે તે બિચારી દુઃખી સ્ત્રી પોતાના ભાઈથી જુદા ઘરમાં રહે છે, પારકું કામકાજ કરી પોતાનું ગુજરાન કરે છે. અને બ્રાહ્મણ કે બીજી ભીખારી નાતની હોય છે તો ભીખ માગી પોતાનું પેટ ભરે છે. સિદ્ધપુર જે માણસો ગયેલ હશે તેને તુરત આ વાત યાદ આવશે. ત્યાં હાથમાં બલૈયાંવાળી (સધવા) બ્રાહ્મણીઓ ભીખ માગે છે તે વખતમાં તેને ખાવાની કેટલી વેલા પડતી હશે તથા લૂગડાંલત્તાંનું કેમ થતું હશે તેનો વિચાર કરવાનું હું વાંચનારનેજ સોંપું છું તે સ્ત્રી રાંડીરાંડની પેઠે પોતાના દહાડા પૂરા કરે છે પહેલાંનાં બધાં દુઃખ ઢંકાઈ જાય છે ને ખાવા પીવાનું દુઃખ આગળ થાય છે. પહેલા તો ધણી પર કે સાસરીઆં પરજ નિસાસા નાંખતી, પણ હવે વિચાર કરે છે કે ઘેર જવાન દીકરી શી રીતે પલવાય એમ માબાપ બોલતાં, હતાં ત્યાં સુધી ઠીક હતું કે આ પારકી જણીના ટુંબા ખાવાના નહોતા, હવે તો સગો ભાઈ પણ અવળો થઈને બેઠો છે તો પારકી જણીની વાત શી કરવી! તે તો દુઃખ દેજ. એમ જે નિસાસા નાંખતી હતી તે જતા રહી પેટનીજ પડે છે તેથી બહુ દુખી થાય છે આજ ખાધું ને કાલની ફિકર રાખવી પડેછે, પારકી વેઠ કરવી પડે છે. તેથી અતિશય દુઃખી થાય છે, ઉંચ જ્ઞાતની હોય છે તો તેનાથી મજૂરી કરાતી નથી, તેથી તે કરતાં પણ બધારે દુઃખી થાય છે.

૨૬. એ બધાં દુઃખ ઉપરાંત બીજ વરની જૂનીને એક મોટું દુઃખ પડેછે. તે કામવિકારનું છે. તેનો આરંભ આપણા ગરમ દેશમાં બાર વર્ષથી થાય છે, ને ૫૦ વર્ષે અંત આવેછે. હવે કુળવાનને ત્યાં પરણાવેલી સ્ત્રીને તો જ્યારે કામનો બરોબર આવિર્ભાવ થાય છે ત્યારેજ બીજી પરણી તેને બિચારીને કાઢી મૂકે છે. તેથી તે બિચારી બહુ દુખી થાય છે. આ દુઃ-

ખ સ્ત્રીને પુરૂષ કરતાં વધારે થાય છે. તે વિષે ચાણાક્યમાં કહે છે કે:-

आहारो द्विगुणोस्त्रीणां लज्जाचापिचतुर्गुणो

साहसं षड्गुणं प्रोक्तं कामश्चाष्टगुणःस्मृतः

પુરૂષ કરતાં સ્ત્રીને આહાર બમણો, લાજ ચારગણી, ભય છ ગણો, ને કામનો વિકાર આઠ ગણો છે. અર્થાત્ સ્ત્રીને વધારે કામ છે. હવે જેમ ક્ષુધા, તૃષા વગેરે ઇચ્છાઓ માણસને તેમજ બીજાં જનાવરને ઉત્પન્ન થાય છે, ને અન્ન પાનાદિથી તે ઇચ્છાઓ તૃપ્ત થાય છે, તેમજ કામની સ્વભાવિક ઈચ્છા ઉત્પન્ન થાય છે. તે પણ તૃપ્ત થવી જોઈએ, ને તે ન તૃપ્ત થાય તો જેમ ક્ષુધા, તૃષા શાંત ન થવાથી પ્રથમ દુઃખ ને છેવટે મરણ પણ થાય છે તેમજ તેથી પણ પ્રથમ દુઃખ ને છેવટે મરણ પણ થાય છે. આવાં મર્ણ ઘણીવાર જોવામાં આવતાં નથી. તેનું કારણ એ કે કોઇ રીતે તેઓ વધતો ઓછો શાંત થાય છે, કેટલીક વાર આશાથી શાંત થાય છે મહાકવિ કાળીદાસ કહે છે કે:-

आशाबंधःकुसुम सदृशं प्रायशोह्यंगनानां ।

सद्यपाति प्रणयिहृदयं विषयोगेरुणाद्धि ॥

ઘણું કરીને આશારૂપિ બંધન, ફુલના જેવું જલ્દી ખરી પડે તેવું જે સ્ત્રીઓનું પ્રેમાલ હૃદય તેને વિયોગમાં રોકી રાખે છે. ને કેટલીકવાર તો વાર્તા-કથનાદિથી શાંત થાય છે તેમ છતાં બહુ પીડા ભોગવે છે. એમાં તો કાંઇ શક નથી. વિષ્ફુટક વગેરે રોગ એ જાતના છે. કોઇ માણસ એક કરતાં વધારે સ્ત્રીઓ પરણે છે, ત્યારે જૂનીને તેને પોતાને ઘેર રાખે છે તોપણ તેની એ ઇચ્છા તૃપ્ત થતી નથી. કેમકે જ્યાં ઉપર કહ્યું તેમ એકને ખાવાનાં સાંસા ત્યાં બીજીનું પોષણ કેમ થાય. નવી ધણીને જુની પાસે જવા દેતો નથી. એટલુંજ નહિ પણ તે વારંવાર તેને મારફાડ કરેછે તેથી સ્ત્રીથી પણ તેના પર પ્રેમ દૃષ્ટિથી જોવાતું નથી. તેથી તે પણ મહા દુઃખી થાયછે.

अनीति, व्यभिचार, बालहत्या,

૨૭. ઉપર જે નિસાસા નાંખનારી સ્ત્રીની વાત કહી તે સ્ત્રીઓ તો ગરીબ સ્વભાવની સમજવી. પણ જે સ્ત્રીઓમાં નીતિની અસર સારી રીતે થયેલી નથી, એટલુંજ નહિ પણ તેથી ઉલટું જેને ખરાબ સોબત થયેલીછે. તે સ્ત્રીઓ માબાપ છતાં તેમને મહાસંતાપમાં નાંખે છે. પ્રથમ નઠારી છોકરીઓની સોબત કરે છે. વશીકરણ શીખવામાં પૈસા ખરાબ કરે છે પણ

રી વ્યભિચારી થાય છે, ને માબાપની આબરૂના કાંકરા કરે છે. તે જોઇ તેના માબાપનો જીવ બળી જાય છે. ને તેથી તેનાપર વધારે સખ્તાઈ કરે છે. તોપણ જેને એ હરામચસકો પડેલો હોય છે. તેની એ કુટેવ કમે છૂટતી નથી. ને તેના માબાપ જેમ જેમ તેનાપર વધારે સખ્તાઈ કરે છે. તેમતેમ વધારે ખરાબી થાય છે. અને જે એનાં મોટાં પાપ થાય છે તે બધાં આજ રસ્તે થાય છે. છેવટે બહુ દબાણ થતાં કોઈ પુરૂષને લઇ પરદેશ નાશી જાય છે. ને માબાપને સાસુસસરાની આબરૂના કાંકરા કરે છે. આવા ઘણા દાખલા બહુ બાઈડીઓવાળી નાતમાં થયેલા ઘણાના જોવામાં આવ્યા હશે. કેટલીક નાશી જતી નથી, તે તેથીએ મોટાં પાપો કરે છે. કોઇ પુરૂષની સાથે લાગવાથી કદાપિ ગર્ભ રહે છે, તો ગર્ભપાતરૂપ જીવહત્યા કરે છે. ને ઘોર નર્કનો રસ્તો હાથે કરીને પકડે છે. ઈશ્વર ઈચ્છાથી કદાપિ ગર્ભગાત નથી થતો, ત્યારે ઉદરવૃદ્ધિ થતાં આ વાત લોકોના જાણવામાં આવે છે. અને આબરૂ જવાનો વખત આવે છે તેથી કયાંઈ તીર્થને બહાને નાશી જાય છે. ગર્ભ અવતર્યા પછી તેને કયાંઇ નાખી દઈ બાળ હત્યારૂપ મોટું પાપ કરી કાળું મોઢું લઇ પાછી આવે છે. ને ફરીને પણ પાછાં એવાંજ કર્મ કરે છે. એમ ન સમજવું કે આવાં મહા પાપો નીચ નાતોમાંજ થતાં હશે. પણ બ્રાહ્મણ, વાણિયા, જેવી ઊંચ જ્ઞાતિમાં, અને રાજ્યો વગેરે મોટે ઠેકાણે પણ થાય છે, અને તેવા દાખલા પણ સઘળાને કાને આવેલા હશે. કેટલીક વખત જ્યારે છોકરી બહુજ નઠારી રીતે વર્તે છે ને એમ કરતાં ગર્ભ રહે છે ને ગર્ભપાતના ઉપાય કરતાં ગર્ભપાત થતો નથી, ત્યારે તેનાં માબાપ કે ભાઈ ભોજાઈ જાણે કે ઉદરવૃદ્ધિ થતા આ વાત છાની રહેવાની નથી. ને ઉઘાડી થતાં આપણી આબરૂ જશે, માટે આગલથીજ એનો ઉપાય કર્યો હોય તો ઠીક, એમ વિચારી તે વખતે તે સ્ત્રીને ઝેર ખવરાવીને કે બીજી રીતે મારી નાંખેછે. અને સ્ત્રી હત્યાનું મોટું પાપ કરી સદાયને માટે અસુખનો રસ્તો ગ્રહણ કરે છે. હું કહુ છું કે આ પાપો (બાળ હત્યા, સ્ત્રીહત્યા ને વ્યભિચાર) એવાં મોટા છે કે બે સ્ત્રીઓ કરવાથી ગમે તેટલાં સુખ હોય તો પણ સારા માણુસોએ એ ચાલ તત્કાળ છોડી દેવો જોઇએ.

૨૮. આમાં સ્ત્રીઓનો ઘણો વાંક નથી, ઉપર કહેવામાં આવ્યું છે કે સ્ત્રીઓમાં કામ વિકાર પુરૂષ કરતાં વધારે છે. અને તેની શાંતીને અર્થે પ્રયત્ન કરે એ પણ સ્વભાવિક છે. જે સદ્ગુણી સ્ત્રી શાંતીથી દુઃખ ભોગ-

વી બેશી રહે છે, અને કુપથમાં પડી વ્યભિચારાદિ કુકર્મ કરતી નથી તેને, તેનાં માબાપને ને તેના કુળને ધન્યવાદ આપવો ઘટે છે. કેમકે એ વિકારનું દુઃખ અસહ્ય છે. તે જેણે સહન કર્યું તે તો મહાસદ્‌ગુણીજ ગણાય. એવી સુશીળને પવિત્ર સ્ત્રીયો માત્ર નિઃશ્વાસ ને આશાપર ઝુરી પોતાના દહાડા કાઢે છે. કોણ કહેવા સમર્થ છે કે આવી પવિત્ર સ્ત્રીના નિશ્વાસ ને આંસુવડે તેના પતિ અને સાસરીઆઓની અનંત કાળ સુધી અધોગતિ ન થાય? થાયજ, અવશ્ય થાય. હવે જે સ્ત્રીઓ ઉંધે રસ્તે ચાલી મહા પાપો કરે છે તે પણ કેટલાંક સ્વભાવિક ને કેટલાંક બીજાની પરોક્ષ પ્રેરણાથીજ થાય છે. માટે તે પાપના ભાગી તે પાપમાં કારણરૂપ એવા સઘળા છે. તેમાં તેના માબાપ, સાસુ સસરો, ધણી, શોક, નાતના આગેવાન વિગેરે મુખ્ય છે.

सुखनां सांसा.

૨૯. સંસારમાં સ્ત્રી તરફથી પુરૂષને ઘણી ઉત્તમ પ્રકારની મદદ મળવી જોઇએ, તે ઉત્તમ પ્રકારની મદદ મળવાની આશા તો હાલના હિંદુસંસારમાં ઓછીજ છે. પણ જે સહેજસાજ સુખની આશા રાખી શકાય તેવી છે. તેવાં સુખ પણ બે બૈરીના ધણીને મળવાં ઘણાંજ અઘરાં થઇ પડે છે અથવા બીલકુલ મળતાં નથી, એટલુંજ નહિ પણ તેને બદલે દુઃખ પડે છે. ધણી ધંધાપરથી ઘેર આવ્યા પછી સ્ત્રીએ તેને મીઠી વાણીથી ને વિવિધ પ્રકારની ગોષ્ટીથી આનંદ આપવા જોઇએ. કદાપિ તે આનંદ કોઈ ને નહિ મળતો હોય, પણ તેની જગાએ બે બૈરીના ધણીને તો દુઃખ દાયક વાતો સાંભળવાની આવે છે. આજતો તે રાંડ તમને ગાળો દેતી હતી વળી મને આટલાં મહેણાં માર્યાં, બેનને આમ કહ્યું, વિગેરે કલેશકારી વાતો સંભળાવી કલેશમાં નાખે છે. છોકરાંને ઉત્તમ પ્રકારની કેળવણી-આપવાને બદલે નઠારી નઠારી આદતો પાડે છે વિગેરે દરેક સુખનું સમજવું.

ઉત્તમ પ્રકારની સ્વાદીષ્ટ રસોઇની જગાએ ગોતાગાફલું કરી ધાનનું ધૂળ કરી ખવરાવે છે. ઘરમાંની વસ્તુને સાચવી ઘર શોભાવવાને બદલેજ્યાં ત્યાં રાખી ઉલટું ગંદુગંદુ દેખાડે છે. તે બાબત ધણી કાંઈ કહે છે ત્યારે ઉલટું અવળું સમજી બળ્યું આ ઘર, શું સુખ પામ્યા, એકે વાતનું સુખ નહિ, એક તરફથી શોક કહે ને બીજી તરફથી ધણી કહે, વિગેરે કહી કંકાશ કરે પણ પોતાની ભૂલ સુધારે નહિ. ભણ્યા વગર ખર્ચનો હિસાબ તો કયાંથી રાખે પણ ઉલટા ઉડાઉ ખર્ચથી ને બડાઈથી બિચારાને ભીખ માગતો

કરે છે, ઘરાણું, લૂગડાં વગેરે પૈસાદાર પાડોશી કે સગાની દેખાદેખીથી માગે છે ને ઉસ્કેરો દુઃખી કરે છે. દુઃખમાં ધીરજ આપવાને બદલે દાઝ્યા પર ડામ દેછે.

વિનોદ કોને કહે છે. તેની જેને ખબર નથી તે સ્ત્રી વિનોદ તો ક્યાંથીજ આપે. પણ તેને બદલે ક્લેશ તો આપે છે. ધણી નવરો થઈ બેઠો હોય ત્યારે સ્વભાવિક રીતે તેની તરફથી મીઠી વાણીની આશા રાખે પણ સ્ત્રી જાણે કે હવે લાગ સારો છે. અત્યારે શાંત છે માટે કહેલું બરોબર સાંભળશે ને સાચુ લાગશે; એમ જાણી દરેક વખતે ક્લેશ આપે છે. કાંઈક અવશ્ય કરવા કહેલા કામ પણ તે કરતી નથી. અને કેમ ન કર્યું એમ પૂછે ત્યારે બાનાપર બાનું કાઢે, તેમાં પહેલું! બાનું શોકનું.

વળી સ્ત્રીની ઉમર પુરૂષથી નાની હોવાને લીધે તેમનો સમભાવ થશે નહીં, તેથી તેમને બનશે નહીં, કેમકે અવસ્થા અવસ્થાની વર્તણુંકમાં ફેર પડે છે નાનપણની વર્તણુંક જુવાનીથી જૂદી હોય છે ને જુવાની વર્તણુંક વૃદ્ધની વર્તણુંકથી જૂદી હોય છે જૂદે જૂદે વખતે મનના લક્ષણ બદલાય છે, તેથી તેમનો કોઈ બાબતમાં એકમત થતો નથી. પુરૂષની વર્તણુક ને આદતો સ્ત્રીને ગમતી નથી. ને સ્ત્રીની આદતો પુરૂષને ગમતી નથી. તેથી તેમનામાં ખરી પ્રીતિ પણ થતી નથી, અને ખરી પ્રીતિ વગર સુખપણ ક્યાંથીજ મળે ? નાનપણથી બુદ્ધિ બાળક જેવી હોવાથી કોઈ વાતનો આવડ હોતી નથી, નાનપણમાં છોકરાં થાય છે તે પણ નબળા થાય છે એટલુંજ નહિ, પણ તેને બરોબર ઉછેરતા પણ આવડતું નથી. પોતાની કાચુંકોરૂં ખાવાની ને રસસ્વાદની પ્રીતિ છુટી નથી, તેથી છોકરાંની માએ જે કરી પાળવી જોઈએ તે પળાતી નથી. ઘરમાં નાનુંમોટું કોઇ વારનાર નહિ. તેથી છોકરાં પણ રોગીને દુઃખી થાય છે. એ રીતે જેજે સુખ સંસારમાં સ્ત્રી તરફથી મળવાં જોઈએ તે મળતાં નથી એટલુંજ નહિ પણ તેની જગાએ દુઃખ મળે છે.

नवी स्त्रीनें पडतां दुःख.

૩૦ કેટલીક વખત એમ બને છે કે નવીની જ્યારે ખરી જુવાની આવે છે, ત્યારે પુરૂષ છેક ઘરડો થઈ ગયેલો હોય છે, તેથી તેને ધણી તરફનુ સુખ ઘણા દહાડા મળવું નથી. તેમજ તેની આદતો પેલી જવાન

સ્ત્રીને ગમતી નથી. બધી સ્ત્રીઓને જુવાની આવતાં પુરૂષ ઘરડા થઇ જતા નથી. પણ ઘણું કરી આધેડ તો થાયજ, કેમકે સંતતિને સારૂ પરણેલા દરેક સ્ત્રી પુરૂષની ઉમરમાં પંદર વર્ષથી ઓછું અંતર ભાગ્યેજ હોય, ને પુત્રને સારૂ કરનારની વચ્ચે તો મોટું અંતર હોય છે તેથી એવી સ્ત્રીઓ જવાનીમાં આવતાં પુરૂષની ઉમર ૪૦થી ઓછી ભાગ્યેજ હોય છે, અને ૪૦ વર્ષે તો હાલ અડધા ઘરડામાં ગણાય છે તેથી તે તરફનું સુખ મળતું નથી. તે ઉપરાંત તેને શું દુઃખ પડેછે તેનો વિચાર કરો.

ઘરમાં પેઠી ત્યારથી કંકાશ તો કોઇ દહાડો ગટગો નથી. તેની શોકય સારી હોય તો પણ આગળ કહ્યું તેમ તેની કાચી સમજણને લીધે લોકો વઢાડી મારે છે કદાપિ તેને તેના ધણી તરફથી દુઃખ થતું નથી, તોપણ કંકાશમાંજ રહેવું પડે છે. ધણી ઉમરમાં મોટો હોય છે, તેથી નાની ઉમરમાં છોકરાં થાય છે, શરીર પૂરૂં ખીલવાને બદલે ઘણુંજ નબળું થઇ જાય છે, એવું દુઃખ કેટલાક દહાડા ચાલે છે. તેવામાં તેનો ધણી મરી જાય છે (ધણી મરી જાય એમ કહેવાનું કારણ એકે ઉમરમાં તે મોટો છે તેથી વહેલું મરવું સંભવિત છે). તો જે પોતાની શોકયની સામા શૂરીની પેઠે વઢવા દોડતી, તે હવે બિચારી જેવી દેખાય છે. નાનાં નાનાં કેટલાક છોકરાં હોય છે, જો તેમાં એકાદ બે છોકરીઓ હોય છે તો તો ભોગ મળેછે કેમકે પ્રથમ તેનો દહાડો કરવો પડે છે, તેમાં ખરચવાને પૈસા હોતા નથી, તો છોકરા ઉછેરવાને પૈસા ક્યાંથી લાવે, ઘડપણને લીધે તેનાથી કેટલીક મુદત ધંધો થયેલો નથી હોતો, તેથી પૈસા પાસે થોડાજ હોય છે તેથી તેને પારકે ઘેર મજૂરી કરવી પડે છે છોકરાં નાના હોય છે તેમને રળતાં આવડતું નથી હોતું, તેથી એ વિપત્તિ સદા જારી રહે છે, તથા છોકરાને ધંધો શીખવવાને વખત મળતો નથી, તેથી તે પણ પોતાના ધંધામાં ફતેહ મેળવતો નથી, તેથી તેને મર્ણ પર્યંત મજૂરી કરવી પડે છે.

केळवणीनुं काचुं—विद्या विनाश—हलको धंधो नें सदाय दुःख.

૩૧. બાપ મરી જતાં નાના છોકરાને માથે ઘરનો બોજો પડે છે, જે છોકરો સૌથી મોટો હોયછે તેને તેની મા એકદમ ધંધામાં નાખી દે છે, ધંધામાં જેમ ઓછી કેળવણી મળે, તેમ ઓછી ફતેહ મેળવે છે, ધંધામાં સારી કેળવણી ક્યારે મળે કે જ્યારે તેનું મન સામાન્ય રીતે કેળવાયલું હોય, પછી સારા હોશિયાર ધંધાદાર પાસે ઘણી મુદત રહી બુદ્ધિપૂર્વક તેનું અવલોકન કરે ત્યારેજ મળે છે. પણ "રાંડીપુત્ર તો શાહજાદા" તેનાથી એ કેમ બને, ને સારે એ રીતે ધંધામાં બરોબર આવડ રહે નહિ ત્યારે થોડું રળે,

એમાં શું નવાઈ? હવે હીણુ કમાઉ બાઇને વશ પડેલા નાના છોકરાંને કેળવણી શાનીજ મળે? તેને પણ નાનપણમાંથી ધંધાગાં નાંખે છે મજુરી કરાવેછે, ને કાંતો કોઈની હલકી નોકરી કરાવે છે, આજ સ્થીતિમાં જેનો આરંભ છે, તેને પછીની જીંદગીમાં પણ સુખ શાનું મળે. નાની ઉમરમાં ભણવાનું બન્યું નહિ, તેમ ધંધો પણ બરોબર શીખ્યો નહિ, તો પૈસાસબંધી સારી સ્થીતિ શી રીતે આવે, સુખ પણ શી રીતે મેળવે, ને આબરૂ કાઢી જગતમાં પ્રખ્યાત થવાની વાત તો કયાં કરવી !

प्रथमे नार्जिता विद्या द्वितीये नार्जितं धनं
तृतीये नार्जिता कीर्तिः चतुर्थे किंकरिष्यते

પહેલી ઉમરગાં વિદ્યા, બીજી ઉમરગાં ધન, ત્રીજી ઉમરમાં કીર્તિ, એ ત્રણે જેણે મેળવી નથી, તે ચોથી ઉમરમાં શું કરશે. અને આજ ઉપરથી એમ કહી શકાય કે જે પહેલી ઉમરમાં વિદ્યા ભણે નહી, તેનાથી બીજી ઉમરમાં ધન મેળવાય નહિ, અને બીજી ઉમરમાં જેનાથી ધન મેળવાયું નહિ, તેનાથી ત્રીજી ઉમરમાં કીર્તિ મેળવાય નહી, અને જેનાથી એ ત્રણે ઉમરનાં ત્રણે મેળવાયાં નહી, તે ચોથીમાં શું મેળવે, અર્થાત્ એનો આખો જન્મ નિરર્થક જાય છે.

૩૨. એ રીતે બે બૈરીઓ કરવાથી હરેક સંબંધના માણસને દુઃખ થાય છે, નવીને, જુનીને, અને ધણીને દુઃખ થાય છે, એટલુંજ નહિ પણ એઓનાં માબાપને પણ એથી દુઃખ થાય છે. અને તે દુઃખ પણ એક જાતનું નહિ પણ અનેક જાતનું થાય છે. પૈસાનું દુઃખ, કીર્તિનું દુઃખ, તનમનનું દુઃખ, એમ હરેક જાતનું દુઃખ એથી થાય છે, તેમજ દુઃખની સાથે મોટાં મોટાં પાપ પણ એથી થાય છે. અનીતિ ને વ્યભિચાર, ગર્ભપાત, બાળહત્યા, ને સ્ત્રીહત્યા વગેરે.

૩૩. ઉપર જે સગાસંબંધીપર પડતાં મોટાંમોટાં દુઃખ ગણાવ્યાં, તે સિવાય એક બીજું દુઃખ એક બીજા સમૂહને લાગેછે. તે દુઃખનું કારણ પણ તેજછે. માટે તેથી થતું કેહેવાય. જે નાતમાં બે બાઇડીઓ પરણવાનો ચાલ છે, તે નાતમાં કહેવાતા નીચ કુળનાને, ભલે તે વિદ્વાન કે ધનવાન હોય, તોપણ કન્યા મળતી નથી અથવા મળવી અઘરી પડે છે. જે નાતમાં બહુ બૈરીઓ કરવાનો ચાલ વધારે છે, તે નાતમાં ઘણા માણસો કુંવારા રહે છે. અને એ કુંવારા બૈરીઓ વગર ઘણી જાતનાં દુઃખો ભોગવે છે. તે આપત્તિ આપનાર બે બાઇડીઓવાળા છે. કેમકે જો તેઓ બે બાઈડીઓ પરણે

નહિ, તો તેમને પણ કન્યા મળે, તેઓ કુંવારા રહીને ઘણાં પાપ કરે છે. વ્યભિચારીનો મુખ્ય માર્ગ તેઓ છે, તેઓ કોઈ કોઈ વ્યભિચારી સ્ત્રીઓને તેઓ લઈ નાશી જાય છે, ને પોતાનું કુળ વગોવે છે. અને બાળહત્યા, સ્ત્રીહત્યા આદિ પાપો કરાવવાના કારણોમાં તેઓ પણ છે. તેમાં તેમનો વાંક ન કહેવાય, કેમકે ભૂખ સૌને લાગે છે. સમજુ માણસ દુઃખ ભોગવે છે. પણ મૂર્ખો કે જે પાપથી ડરતા નથી, તેઓ એવાં પાપ કરે છે.

પ્રકરણ ત્રીજું.

कार्यनैष्कल्प.

૩૪ કોઈ એમ કહેશે કે એ બધાં દુઃખ તથા પાપ ગણાવ્યા, તે તો ઠીક, પણ સંતાન ન થાય ત્યારે શું વાંઝીઆ મરવું? પાછળ પુંજીમાં શું પૂળો મૂકવો છે? સંતાનનું સુખ ગયું તો બીજાં સુખ રહ્યાંજ કયાં? વાંઝીઆ સમાન બીજું જગત્‌માં દુઃખજ શું છે? સવારમાં ઉઠી આપણું કોઈ મોઢું જુએ નહિં, રસ્તે જતાં સામા મળીએ તો અપશુકન ગણાય, આખો દહાડો જીવ ઉદાશ રહે* વગેરે.

૩૫. આવું બોલનાર માણસનું કહેવું કેટલું ખરૂં છે તે બાબતનો વિચાર કર્યા પહેલા નીચેની બીનાપર તેણે લક્ષ લગાડવું. કોઈને સંતાન નથી થતું તેનું કારણ સ્ત્રી અથવા પુરૂષ બેમાંના એકમાં હોવું જોઈએ, કેમકે જો સ્ત્રી પુરૂષ બધી રીતે તનદુરસ્ત હોય તો કદી સંતતિ થવામાં અડચણ આવતી નથી. પણ બેમાંના ગમે તે કોઇના શરીરમાં કાંઈ રોગ હોવાથી સંતતિ થતી નથી. માટે જો સ્ત્રીના શરીરમાં રોગ હોય તો તેનો અને પુરૂષના શરીરમાં હોય તો તેનો તે રોગ મટાડવો જોઈએ, ઘણીવાર એટલે સેંકડે ૯૦ વાર તો પાછળ કહેલાં દીલગીરીમાં લાવનાર કારણોને લીધેજ સંતતિ થતી નથી. (સંતતિ ન થયાની દીલગીરી એજ સંતતી ન થવામાં પ્રથમ પ્રતિરોધ કરનાર છે.) માટે એ બાબતની મિથ્યા દીલગીરી મનમાં લાવવીજ ન જોઈએ. એથી સો વસા સંતતિ થશેજ. પણ હાલ હિંદુઓ વગર સમજે સંતતિ સંતતિ કરતા સંતતિ વગરના થાય છે. પ્રથમ જ્યાંસુધીમાં સંતતિ થાય તો સારૂં આવું ચિત્ત પૂર્ણ રીતે થયેલું નથી હોતું. તેવામાં જેને છોકરા થાય છે તેનેજ થાય છે. પછી પોતેજ આ-

---

*વગેરે દુઃખો કલમ બીજી ત્રીજીમાં ગણાવ્યાં છે.

ની લે છે કે મને કાંઈ રોગ છે કે કોઈ નડે છે. એમ ઉમર ગતાં આ દી-
લગીરીમાં વધારો થતો જાય છે તેમ તેમ ન થવાનો સંભવ વધતો જાય
છે. માટે પ્રથમ ઉપાય તો એજ છે કે દંપતીએ આનંદમાં રહેવું જાઇએ.
તેમ છતાં સંતાન ન થાય ત્યારે જાણવું કે રોગ છે. તેનો ઉપાય કોઈ હોં-
શિયાર વૈદ પાસે કરાવવો જોઇએ. તેમ છતાં ન મટે તોપણ તેણે બીજી
સ્ત્રી કરવી નહિ કેમકે અનેક પાપો અને દુઃખો થાય છે. શું તમે એવા
દુષ્ટ છો કે બાળહત્યા, સ્ત્રીહત્યા, ને વ્યભિચારનું જે પાપ થાય તેનાં કરતાં
છોકરાંનું સુખ વધારે ગણો છો? મનુસ્મૃતિમાં લખેલું છે કેઃ—

श्लोकः

पुत्राम्नोनरकोयस्मात् त्रायतेपितरंसुतः
तस्मातपुत्रइतिप्रोक्तः स्वयमेवस्वयंभुवा

પુત્ર બાપને પુત્ નામના નર્કમાંથી તારે છે માટે બ્રહ્મા-
જીએ છોકરાનું નામ પુત્ર કહ્યું છે. અર્થાત્ પુત્ર ન હોય તો પુત ના-
મનાં નર્કમાંથી કોણુ કાઢે? પણુ હું કહું છું કે સત્ કૃત્ય કરનારને કદી
પુત્ નામનું કે કોઈ બીજુ નર્ક ભોગવવાનું નથી. તો તેને કાઢનારની જ-
રૂર પડવાની નથી, વળી તમે કહે છો કે વાંઝીઆના પિતૃઓને નિસાસાયુ-
ક્ત ઉષ્ણુજલ પીવું પડે છે. પણુ સજ્જન પુરૂષતો જાણુતા હશે કે બાળ-
હત્યા, સ્ત્રીહત્યા, વ્યભિચારાદિ મહા પાપ કરનાર કુપુત્રના ૭૧ પેઢીઓ મહા
નર્કમાં જાય છે. વિચાર કરો, વધારે દુઃખ શું? ઉના પાણીનું કે નર્કનું?

વળી તમે કહો છોકે एषवा अनृणीयःपुत्री જે પુત્ર વગરનો છે તે દેવા
દાર છે, તો તે દેવાનું દુઃખ કાંઈ પેલા ત્રણુ મહાપાપ (બાળહત્યા, સ્ત્રીહત્યા,
ને વ્યભિચાર) કરતાં વધારે નથી. જ્યારે તે ત્રણે પાપ કરતાં જે દુઃખ થા-
ય તે દુઃખ કરતાં વધારે કીમતનું સુખ થવાનો સંભવ હોય તો પુત્રને સા-
રૂ બીજી કરવી એ યોગ્ય ગણુાય, પણુ એ મહા પાપ કેવા મોટાં છે તેનો
વિચાર કરો. તેમ છતાં તમને એમ લાગતું હોય કે પુત્રતો જોઈએ ત્યારે
પોતાના ભત્રિજાને કે ભાણેજને દત્તક લો, એ પુત્રને ઠેકાણેજ છે. જે મનુ
સ્મૃતિનો તમે હમણાં દાખલો આપ્યો તેજ મનુજી બાર જાતના પુત્ર કહેછે.
તેમાંનો એક દત્તક છે. પિતૃકાર્ય, ગૃહકાર્ય, ને દાયભાગમાં તે પોતાના પુત્રની
(ઔરસની) બરોબર ગણુાય છે, માટે દત્તક લેવો જોઈએ.

૬ સર્વ ધર્મશાસ્ત્રો એકે અવાજે એ (દત્તક લેવાનું) કબુલ કરે છે. બૃહત્ પરાશર સ્મૃતિના ૪ થા અધ્યાયમાં એ વિષે કહ્યું છે કે—

શ્લોક.

पुत्रश्चदुहिताचोभौपितुःसंतानकारकौ
तत्सुतःपावयेद्वंशांस्त्रीन्वैमातामहादिकान्
दौहित्रःपुत्रवत्स्वर्गं उक्तौशास्त्रेचतौ समौ

પુત્રને પુત્રી બંને બાપને તારનાર છે. તે બંનેના છોકરા માતા—મહાદિક ત્રણે વંશોને પાવન કરે છે. દોહિત્ર પણ પુત્રની પેઠે સદ્ગતિ આપનાર છે. પુત્રને દોહિત્રને શાસ્ત્રમાં તો બરાબર કહ્યા છે. વળી વિષ્ણુ સ્મૃતિના ૧૫ મા અધ્યાયમાં પણ કહ્યું છે કેઃ—

पौत्रदौहित्रयोर्लोके विशेषोनोपपद्यते
दौहित्रोऽपिह्यपुत्रंतं संतारयति पौत्रवत्

પૌત્રને દોહિત્ર એ બેમાં કાંઈ ભેદ નથી કેમકે દોહિત્ર પણ અપુત્ર માણસને પૌત્રની પેઠે તારે છે.

બૃહત્ પરાશર સંહિતાના ૫ મા અધ્યાયમાં પણ કહ્યું છે કેઃ—

पुत्रश्च दुहितुश्चैव समौतौ धार्मिके पथि

ધર્મના કામમાં પુત્રને દૌહિત્ર બંનેને સરખા ગણેલા છે.

पुत्रदौहित्रयोर्लोके विशेषोनोपपद्यते

પુત્રને દૌહિત્રની વચ્ચે આ લોકમાં કશો ભેદ છેજ નહી.

૭. એ પ્રમાણે શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે માન્ય કરે તો પણ બીજી સ્ત્રી કરવાની જરૂર નથી. કેમકે દત્તક લે, ને તેથી પૈસાનું નુકશાન નહિ થાય, કજીઓ કંકાશ નહિ થાય, તેમજ વ્યભિચાર, બાળહત્યા કે સ્ત્રી હત્યા થવાનો સંભવ પણ ઘટશે. એમ ન કરતાં જે માણસ છોકરા થવાની લાલચે બીજી પરણે છે. તે મૂર્ખજ છે કેમકે ન્યાય શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

उपस्थितं परित्यज्यानुपस्थितंयाचते इतिबाधित न्यायः

જે માણસ પાસેની વસ્તુને છોડી દઇ દૂરની વસ્તુ લેવા જાય છે, તે બંને ખુએ છે તેજ અર્થનું વાક્ય છે કેઃ—

यो ध्रुवाणि परित्यज्य अध्रुवं परिसेवते
ध्रुवाणि तस्य नश्यन्ति अध्रुवं नष्ट मेवच

જે માણુસ નક્કી જે વાત હોય તેને છોડી દઈને અનિશ્ચિત્ વાત પામવાની આશા રાખે છે. તેની નક્કી વાત નાશ પામે છે, અને અનિશ્ચિત્ વાત તો નાશ પામેલીજ છે તો. એટલે પોતાનો દોહિત્ર કે ભત્રિજો જે હોય તેને દત્તક લેવાનું છોડી દઈને જે માણુસ બીજી સ્ત્રી કરી તેને પુત્ર ઉત્પન્ન થાય, એ વાત નક્કી માની બેસે છે. તેને નવીથી પુત્ર થતો નથી ને પાછળથી દત્તક લેવાનું પણ બનતું નથી; અને હાથે કરીને અપુત્ર થાય છે.

૩૮ "નવીને પુત્ર થતો નથી "એમ કહેવાનું પહેલું કારણ તો એ છે કે પુત્ર ન થવામાં જો પુરૂષનો રોગજ બાધક હશે તો તો એક તોશું પણ ૧૦ સ્ત્રીઓ સાથે પરણે તો પણ થવાનો નથી; અને જો સ્ત્રીનો રોગ હશે તો થવાનો સંભવ છે. માટે આ પેહેલા કારણપરથી એમ કહી શકાય કે બધા પરણનારમાંથી અર્ધા તો અપુત્રજ રહેવાના, ને જે બીજા બાકી અર્ધા રહ્યા તેમને સંતતિ થવાનો સંભવ છે, પણ તેમાં પણ નીચે અડચણો બાધક છે. આગળ કહેલા પ્રમાણે પુરૂષ સદાય દુઃખી રહે છે. પૈસા સંબંધી, ને ધંધા સંબંધી સદા ચિંતાતુર રહે છે, સ્ત્રીઓના કંકાશથી અને આગળ કહેલા પ્રમાણે નવી સ્ત્રી સાથે ગુણનું ને ઉમર કજોડું હોવાથી ખરી પ્રીતિ થતી નથી, અને તે પ્રીતિ થયા વગર સંતતિ થવાનું પણ અતિશે અઘરૂં છે; અને એમ છતાં કદાપિ થાય છે તો પુત્ર ન થતાં પુત્રીજ થાય છે કેમકે તે વિષે વૈદકશાસ્ત્ર કહે છે કેઃ—

पंच विंशे ततो वर्षे पुमान्नारी तु षोडशे
समत्वागत विर्यौतौ जानीया त्कुशलो भिषक्

આ સુશ્રુતના શારીર સ્થાનનું વચન છે તેમાં એમ કહે છે કે રજ વીર્યના સંબંધમાં પુરૂષની ૨૫ વર્ષની ઉમર તે સ્ત્રી ૧૬ વર્ષની ઉમરની બરોબર છે, અર્થાત્ તે વખતમાં બંનેના રજવીર્યનું પ્રમાણ સમાન છે. હવે જે માણુસ બીજી સ્ત્રી પરણે છે. તેના ધણીની ઉમર પ્રમાણમાં ઘણી વધારે હોય છે. અને કેટલીક વખત તો વૃદ્ધા વસ્થા પ્રાપ્ત થયેલી હોય છે. અને એવા બીજવરો (છોકરાને સારૂ બીજી કરનારાઓ) તો થોડાજ જોવામાં આવશે કે સ્ત્રીની ઉમર ૧૬ વર્ષની ઉપર થતાં પુરૂષની ઉમર ૪૦

વર્ષની અંદર હોય, અને એથીજ આગે વખતે સ્ત્રીનું રજ સત્વ પુરૂષના વીર્ય સત્વ કરતાં વધારે હોય છે; અને તેથીજ ભાવ મિશ્રારિના કહેવા પ્રમાણે પુત્રીજ થાય:—

आधिक्ये रतसःपुत्रः कन्या स्यादार्तवेऽधिके
नपुंसकं तयो स्साम्ये यथेच्छा परमेश्वरी

સ્ત્રીના રજ સત્વ કરતાં પુરૂષનું વીર્ય સત્વ વધારે હોય ત્યારે પુત્ર ઉત્પન્ન થાય છે, ને વીર્ય સત્વ કરતાં રજ સત્વ વધારે હોય ત્યારે પુત્રી થાય છે, ને બંને બરોબર હોય ત્યારે નપુંસક થાય છે. હવે સંયોગ સમયે શું વધારે હશે તે આપણે જાણી શકતા નથી. આ બધું વાંચતાં સમજુ વાંચનારના મનમાં આવશે કે બીજી સ્ત્રી પરણુતા પુત્ર હશેજ એમ નક્કી કાંઈ કહી શકાતુ નથી; અને દુઃખતો અવશ્ય થવાનુ,જ: ત્યારે પાછળથી જ્યારે ભવિષ્યપર મુકવાનો વખત આવશે. ત્યારે આગળથીજ એમ નક્કી કરો ને કે એ અનિશ્ચિત સુખને સારૂ નિશ્ચિત સુખ ખોવું નહી. મારૂ એમ કહેવું નથી કે કોઇને નથી થતાં, થોડાંકને થાય છે; પણ તેથી કેટલાં દુઃખને પાપ થાય છે તેનો વિચાર કરી જુઓ; ને પછી સારૂં લાગે તે ગૃહણુ કરો,

૩૯, પૂણ્યની ટુંકામાં વ્યાખ્યા એટલીજ અપાય કે " જે કર્મ વડે જન સમુહના સુખની અભિવૃદ્ધિ થાય ". હવે એ ઉપરથી પાપની વ્યાખ્યા પણુ એમ કહી શકાય કે " જે કર્મ વડે જન સમુહને દુઃખ થાય અથવા સૂખ ઓછું મળે " આ વ્યાખ્યા આ સંબંધમાં લગાડો. જન સમુહના સુખની વૃદ્ધિ શાથી થશે? પુત્ર ઉત્પન્ન કરવાને બીજી સ્ત્રી કરવાથી કે દત્તક લેવાથી? હું ધારૂં છું કે દત્તક લેવાથીજ જન સમુહનું સુખ વધશે, કેમકે પાછળ બતાવવામાં આવ્યું છે કે તે પૈસા તરફથી માઠી હાલતમાં આવવાથી જન સમુહને કોઇ રીતે લાભ કદી શકવાનો નથી, તેના પોતાના મનમાંથીજ દીલગીરી ખસવાની નથી, તો પછી તે બીજાના મનની દીલગીરી શી રીતે મટાડી શકશે! અને છોકરૂં થશે તો પણુ તેને પાછળ કહેવા પ્રમાણે પોતે સારી રીતે ઉછેરી શકશે નહી, તેથી છોકરો પણુ જીંદગીભર દુખી રહેશે, એટલે ઘણું કરી તેનો પૈસો પણુ કાંઇ દુનિયાને ઉપકાર કરી શકવાનો નથી. એ રીતે પોતાનાવંશને દુઃખ આપનાર થાય છે. દત્તક લેવાથી એથી ઉલટુ લાયક છોકરાને પોતાનો વારસ બ-

નાવવાથી તેની પુંજીના ભાગ ન પડતાં જન્મદાતાની અને દત્તક કરનારની એવી બે મુડી તેની પાસે આવે છે. તેને ઉત્તમ પ્રકારની કેલવણી મળેછે. ને ધન પણ પાસે વધારે હોવાને લીધે દૂનિયાને વધારે ઉપયોગી થાયછે. ને તેનો પુત્ર તેથી એ વધારે ઉપયોગી થઇ શકે છે. માટે દત્તક લેવાથી પૂણ્ય થાય છે એમ હું માનું છું. અને પુત્રને સારૂ બીજી સ્ત્રી કરવાથી સંસારનું સુખ ઓછું થાય છે એટલુંજ નહિ, પણ દૂઃખ થાય છે, માટે તેથી પાપ થાય છે એમ કહું છું.

૪૦ ધર્મ શાસ્ત્રોમાં કહેલું વચન પણ આથી ઉલ્લંઘન નથી થતું, કેમ કે ઔરસઅને દત્તકમાં તેઓએ કાંઇ ભેદ કહેલો નથી. તેઓનો આશય કદી એવો નથીજ કે બીજી સ્ત્રી કરી પુત્રવાળા થાંઓ. પણ હું ધારૂં છું કે તેઓનો કટાક્ષ ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી, સંસારપર અનાદર વૃત્તિ દેખાડનાર પર છે. જેઓ સ્ત્રી પરણવાથી ને ગૃહસ્થાશ્રમમાં પડવાથી પોતાને પતિત થયેલા માનતા, સદાય સંસારથી વિરકત રહેતા, ને પોતાની મનુંષ્ય ફરજનું ભાન ભુલી જતા, તેમને માટે એમાં ઉત્તમ પ્રકારનો બોધછે કે સંસારમાં એક પુત્ર તો કરવોજ જોઇએ; અને તે ખરૂં પણ છે. પણ એમ કહેવાની મતલબ કદી નથીજકે દૂઃખ અને પાપ કરીને પુલ ઉપજ કરો.

૪૧, ઉપર સંતાનને સારૂ બીજી સ્ત્રી કરનાર માણસો બીજી સ્ત્રી કરવામાં જે કારણો બતાવે છે, તે કારણો તેમનાં ખોટાં છે તે, તથા તેમાં તેઓ કેવા નિષ્ફળ થાય છે તે બતાવ્યું. હવે એજ રીતે બીજા કારણો માટે જે જે બીજી સ્ત્રીઓ કરે છે તેમા તે તે કેવા નિષ્ફળ થાય છે તે બતાવું છું.

વહેવાઇઓની અંદરની તકરારને લીધે બીજી સ્ત્રી પરણનારને આપણે પુછીએ કે ભાઇ તમે બીજી સ્ત્રી શું કરવા પરણો છો ? ત્યારે તે મિથ્યાભિમાનીઓ કહેશે કે અમારે કાંઇ ધનની કે પુત્રની પરવા નથી, પણ અમે તો આબરૂને સારૂજ બીજી સ્ત્રી પરણીએ છીએ. આગળથી કરેલા ઠરાવ તે શા માટે ન પાળે ? પહેલા બોલેલ તે શું અમારી મશ્કરી કરી હતી ? જો એ લોકોને ખબર ન પાડીએ તો તો તે લોકો માથે ચડી વાગે, માટે " હણુતાને હણીએ ને તેનો દોષ ન ગણીએ "; જો આપણે નબળા થઈએ તો લોકો આપણને દૂઃખ દે, માટે એ લોકો તો હુઘાંજ સુણુ આપે. એકાદ વખત મારમારી કાઢી મુકવી, તેમ છતાં તેનો

બાપ આપણી મરજી મુજબ ન કરે તો પછી ઘેર તેડવીજ નહિં, ને બીજી સ્ત્રી કરવી, એટલે તુરત આપણી મરજી મુજબ કરે.

૪૨ ઠરાવ પ્રમાણે પૈસા માગવા એ કદાપિ ગેરવાજબી નથી, તોપણ તેમની પૈસા લેવાની યુકિત ગેરવાજબી છે.

પણ હું ભુલ્યો, તેને યુકિત કેમ કહેવાય ? યુકિત તો તેજ કે ', જેમાં થોડા વખતમાં ને થોડી મહેનતે ઘણું કામ થાય. " આ પૈસા લેવા રૂપ કર્મ છે. તે અતિ પ્રયત્ને અને ઘણી મુદતે (મર્ણ પર્યંત) પણ પૂરૂં થતુ નથી, તો તેને યુકિત કેમ કહેવાય ? તેમ વાજબી ઉપાય પણ નથી કેમકે વાજબી ઉપાય તેજ કે સામા માણસને ઓછમાં ઓછું નુકશાન કરીને પોતાનું કામ કરવું. આમાં પેલા માણસને અતિશે નુકશાન થતાં પણ આનું કામ સિદ્ધ થતું નથી માટે એતો ગેરવાજબી ઉપાય છે. વળી તેઓ કહે છે કે અમે તો આબરૂને ખાતર પરણીએ છીએ. તે કહો તેમની આબરૂ બૈરાંઓ બીખારીની પેઠે ભીખ માગે તેથી વધશે ? અગર નીચ માણસને ઘેર મજુરી કરવા જાય તેથી તેમની આબરૂ વધશે ? નીચ માણસની નીચ કર્મ કરે તેથી તેમની આબરૂ વધશે ? અગર કોઇને લઈને નાશી જાય તેમાં વધશે ? ગર્ભ પાતાદિ હત્યાઓ કરે તેમાં તેમની આબરૂ વધશે ; નાતમાં કે સરકારમાં ખોરાકી પોશાકીની ફર્યાદ કરે તેથી તેમની આબરૂ વધશે ? અથવા બિચારી અબળા જ્યાં ત્યાં રડી આંસુની અંજળીથી તેમને આશિશ (સ્રાપ) આપશે તેથી તેમની આબરૂ વધશે? આમાંના કયે રસ્તે તેમની આબરૂ વધશે? એકે રસ્તે નહિં, ઉલટી ઘટશે. આમાં જમાઇએ જાણવું જોઈએ કે દીકરીના પૈસા રાખનાર હિંદુઓમાં થોડાજ છે. પૈસાદાર લોકો ઠરાધ કરતાં પણ વધારે આપે છે. ન આપવાનું કારણ પૈસા નથી તે છે તેતો આભમાંથી પડતું મુકે તોપણ ન હોય તે કયાંથી આવે ? તેમ છતાં વાંક કહો તો તે સ્ત્રીના બાપનો છે. તો તે બીચારીને શું કરવા દુઃખ દો છો ?—શું બીચારી અબળાને કાઢી મુકી બીજી લાવવામાં વીરપણું છે ? વીરપણું તો પરોપકારાર્થે કરેલા હિંમતના કામમાં રહેલુછે; અને આતો નિર્દયતાને બતાવનારૂ કાયરનું કામછે, તે વીરપણું કહેવાય કેમ ? એતો અસુરનું કામ છે. આથી સુજ્ઞ વાંચનારાના મનમાં આવશે કે વહેવાઇઓની અંદરની વઢવાડને લીધે બીજી સ્ત્રી કરવી ગેરવાજબી છે.

૪૩ સ્ત્રીના ઘણાજ નાના અપરાધને માટે બીજી સ્ત્રી કરનાર મિથ્યા

કુલાભિમાનીને તેમ કરવાનું કારણ પુછતાં તેઓ કહેશે કે અમારે ક્યાં તમારી પેઠે પૈસા બેસે છે કે તે કહે તે સાંભળીએ? અમારે તો ઉલટા પૈસા આવે છે. શું ગુલામડી જેવી સ્ત્રી જાત આપણા સામું બોલે, અથવા આપણું કહ્યું ન માને? તે તો હીજડાથી (નપુસંકથી) સંખાય; અમારા જેવાથી તો સંખાય નહિ. તેમને કહેવું ઘટે છે કે તમારી અક્કલને હુંશિઆરી ને શાબાશ છે! તમારા કહ્યા વગર કયો માણસ પૈસાને સારૂ કંકાસ ને પાપો લે સ્ત્રી‡ ગુલામડી રૂપ છે. તો તમારે પણ અભિમાન કરવાનું નથી કેમકે તમે ગુલામડીના પુત્ર છો. તમારૂં કહેલું ન માને તે વખતે તમો કાંઇ ન માનવાના કારણની તપાસ કરો છો? નાકદીજ નહિ. તમે કાંઇ જણસ માગો તે વખત સ્ત્રી રસોડામાં હોય અગર બીજા એવા કામમાં હોય કે તેમાંથી મુક્ત થઈ તમારૂ કામ કરતાં જરા વાર લાગે પણ તેટલામાં તો બસ મારા હુકમનું અપનામાન કર્યું, એમ કહી ગાયકવાડી ચલાવો છો, એ તમને ઘટિત નથી. તમારૂં કહેવું ન માને અથવા તમારા સામું બોલે એ થવુંજ અસંભવિત છે. પણ ઘણી વખત તમારો મુકેલો અપવાદ ખોટો છે એમ બતાવવાને કાંઈ બોલે છે; તેને તમે સામું બોલી કહો છો. પણ તે સામું બોલવું તેજ કે જેમાં સામો તેવોજ ઉચ્ચાર થાય. ગાળના સામી ગાળ, ને હાકના સામી હાક તે સામું બોલવું કહેવાય. પણ નમ્રતાથી કરેલી વિનંતી સામું બોલવું ન કહેવાય. પણ તમારે છઠ્ઠી ચોપડીમાં વરૂની વાતની લખી છે તેની પેઠે બહાનાં શોધવાં હોયતો તેની કાંઈ ખોટ નથી, પણ નક્કી માનજો કે ઈશ્વરના ન્યાયી રાજ્યમાં તેનો જવાબ આપ્યા વગર છૂટકો નથી. આપરથી સર્વેના લક્ષમાં આવશે કે એ લોકો માત્ર પોતીકી મૂર્ખાઇજ બતાવે છે.

૪૪. કોઇ બહુ બાઇડીઓ નાતરે લાવનારને પૂછીએ તો તેઓ કહેશે કે અમારે તો મજા છે. મુફ્ત બાયડીઓ લાવવી તે દાણા ખાય ને મંજૂરી કરે, મરજીમાં આવે ત્યાં સુધી રાખીએ ને મરજીથાં આવે ત્યારે કાઢી મૂકીએ, અમારામાં તેને કાંઇ આપણે ત્યાંથી ગયા પછી દુઃખ પડે નહી તે વળી બીજાને ત્યાં જાય, આપણે પણ બીજી લાવવી હોય તો લાવીએ આવા માણસે વિચારવું ઘટે છે કે જેમ તમે ધારો છો કે મજૂરી કરશે તો રાખીશું નહિં તો કાઢી મુકીશું, તેમ તે બાયડી પણ ધારે છે કે જો સુખ મળશે તો અહિં રહીશું, નહિં તો વાહ, વાહ, બી-

‡ જુઓ કલમ ૪ કમીનો વ્યાસ સંહિતનો શ્લોક.

જે જઇશું. એજ પ્રમાણે " બે બાયડીઓવાળો રંડાતો પણ નથી ને મ-ડાતો પણ નથી " માટે વિચારો કે એમ કરવાથી શું ફળ !

૪૫. રજપૂત વગેરેને પૂછતાં આબરનું કારણ કહેશે. પણ તેમણે જાણવું જોઇએ કે રાજાની આબરૂ શાણી રાજ સભા, મોટું ને બહાદૂર સિપાઇઓનું લસ્કર, અખૂટ કોષ, સુખી રૈયત, ને બીજા સારાં કૃત્યો કરવાની અંદર રહેલીછે, પણ ઘણી સ્ત્રીઓ અજ્ઞાનની ને દુઃખ તથા પાપની નિશાનીછે. ન્હાના ઠાકોર ફૂટાઓને કદાપિ ગૌણરીતે પઇસા લેવાની મતલબ હશે, તો પણ બહુ સ્ત્રીઓ કરવાથી તમારો દર ઓછો થશે, બહુ સ્ત્રીઓ કરવાથી એક સ્ત્રી થકી મળવી જોઈએ તે રકમ નહિ મળે, અને કલમ ૧૬ તથા ૨૧ માં કહેલાં દુઃખો ભોગવવાં પડે છે, અને ધારેલો હેતુ ખોટો છે માટે એ ચાલ છોડી દેવો બેહેતર છે.

૪૬. ગજવા ખાવા સારૂ વધારે સ્ત્રીઓ પરણનારને પુછીએ કે તમો વધારે સ્ત્રીઓને શું કરવા પરણો છો? તો ગજવા ખાવાની વાત ઢાંકી કહેશે કે તે તો કાળી છે. અથવા તેના:માં ફલાણું અપલક્ષણ છે, અમારે ક્યાં કશાં ખોટ છે કે એવીને રાખીએ? એ નહિં ને એની બેન, વળી બીજી પરણીએ, ત્યારે તેનાં તેના માબાપ પૈસા આપે તે શું ન લેવા? તેમણે વિચારવું જોઈએ કે પોતે સાક્ષાત કંદર્પની મૂર્તી એટલે સ્યામ સ્ત્રી શી રીતે પસંદ આવે? પણ વિચાર નથી કરતા કે એ રૂપ લગ્ન થયા પછી થયું ? ને પેહેલાં નહોતું? હા હતુંજ. એ એમનું બીજી સ્ત્રી કરવાનું બહાનું છે. ખરૂં કારણ તો ઉપર કહ્યું તે પૈસા લેવાનું છે. પણ એ પૈસા લેવા જતાં મોટાં મોટાં દુઃખો અને પાપના ભાગી થાય છે, અને છેવટે પૈસા આપાવનારૂં મોટું કૂળ પણ મટી જાય છે. જો તે ઉંચકુળવાળા બધા બીજી ન કરે તો તેમને બે ત્રણ સ્ત્રીઓ કરતાં જેટલા પૈસા મળેછે તેટલાજ પૈસા એકે વખતે મળશે. કેમકે તેને કન્યા આપનાર ઘણા અને લેનાર થોડા થાય છે. પણ મુર્ખ માણસોને એ વિચાર કરવાનું ક્યાંથી સુજે? એઓના મનમાં તો એમજ હોય છે કે પૈસાવાળા થઇ જઇએ. પણ નક્કી માનજો કે છેવટે એમાંથી પસ્તાવા સિવાય કશું વળવાનું નહિ, તેઓને ગુલામડી કહે છે પણ તેઓ ધર્મ શાસ્ત્રમાં શું કહે છે તે જાણવું જોઇએ. આપણા શાસ્ત્રોના વિધિ, નિસેધ મંતવ્ય, ને અમંતવ્યને આપણે અનુસરવાને બંધાએલા છીએ. તે વિશે કહ્યું છે કે:—

विहितस्याननुष्ठाना न्निषेधस्य च सेवनात्
अनिग्रहाच्चेंद्रियाणां नरः पतनमृच्छति

અર્થ—શાસ્ત્રનું વિહિતકર્મ (કરણિય કર્મ) ન કરવાથી, ને નિષેધકર્મ (મના કરેલું કામ) કરવાથી, તથા ઇંદ્રિયોપર દાબ નહિં રાખવાથી માણસ પતનને પામે છે માટે શાસ્ત્રોમાં શું કહ્યું છે તે જુઓ. તેમાં લખ્યા પ્રમાણે માને ને વર્તો. તમે સ્ત્રીને ગુલાગડી કહો છો પણ વ્યાસ સ્મૃતિમાં વ્યાસજી કહે છે કેઃ—

पाटितोऽयं द्विजा पूर्वं एक देहः स्वयंभुवा
पतयो ऽर्द्धेनचा र्द्धेन पत्न्यो ऽभूवन्निति श्रुतिः
यावन्न विंदते जायां तावदर्धो भवेत्पुमान्

હે બ્રાહ્મણો ! પૂર્વે બ્રહ્માજીએ એકજ શરીરના બે ભાગ કીધા છે. તેના અર્ધા ભાગથી પુરૂષ, ને અર્ધા ભાગથી સ્ત્રીઓ થઇ, એ પ્રમાણે વેદ વાકયછે. માટેજ પુરૂષ જ્યાંસુધી બાઇડી ન પરણે ત્યાંસુધી અર્ધો છે. હવે કહો કોનું ખરૂં ? વ્યાસજીનું કે ગુલામડી કહેનારનું. વળી તેજ વ્યાસજી કહે છે કેઃ—

सम्यग्धर्मार्थ कामेषु दंपतीभ्यान हर्निशम्
एकचित्त तया भव्यं समान व्रत वृत्तितः

ધર્મ, અર્થ, ને કામને વિષે સ્ત્રી પુરૂષે હમેશાં એક ચિત્તથી, અને સમાન નિયમવાળી વર્તણુંકથી રહેવું તેમજ બૃહત્ પરાશર સ્મૃતિમાં વ્યાસજીના પિતા પરાશર કહે છેઃ—

सर्वत दिच्छया कुर्याद्यथा भयो भवेद्धृतिः
भोज्यालंकारवासोभिः पूज्यास्युः सर्वदा स्त्रियः

બધું તેની (સ્ત્રીની) ઇચ્છા પ્રમાણેજ કરવું કે જેથી (નવા કુટુંબમાં આવવાથી તેને ઉત્પન્ન થયેલો) ભય નાશ પામે, ખાવાનું, ઘરેણાં, ને લુગડાંથી સદા સ્ત્રીઓને ખુશી રાખવી જોઇએ,

यथा किंचिन्न शोचन्ति तथा कार्यं सदा नृभिः
आयुर्वित्तं यशः पुत्राः स्त्रीप्रीत्या स्युर्नृणां सदा
नश्यन्तते सदा प्रीतो तासां शापाद संशयः

જે રીતે વર્તવાથી સ્ત્રી જરા પણ શોક ન કરે તે પ્રમાણે સદાય વર્તવું, કેમકે માણસને આબરૂ, આવરદા, ધન ને પુત્ર પણ તે ખુશી થવાથી મળે છે, નાખુશ થતાં તે શાપ દે છે, ને તે શાપથી બધું નાશ પામે છે. વળી:—

स्त्रियश्चयत्र रज्यन्ते सर्वदा भूषणा दिभिः

देवा पितृ मनुष्याश्च रमन्ते तत्रवेश्मनि

स्त्रिय स्तुष्टाः श्रियः साक्षाद्रुष्टाश्च दुष्ट देवताः

જ્યાં ઘરેણાં વગેરેથી સ્ત્રીઓ ખુશી રહે છે, તેના ઘરમાં દેવો, પિતૃઓ, અને મનુષ્યો ખુશી થઈ રમે છે[કેમકે સ્ત્રીઓ ખુશી થતાં સાક્ષાત લક્ષ્મિ રૂપ છે, અને ગુસ્સે થતાં દુષ્ટ એટલે દુઃખ દેનાર દેવીના જેવી છે.

वर्धयन्ति कुलं तुष्टा नाशयन्त्यप मानिता

नापमान्यः सदासद्भिः पतिश्वशुर देवरैः

સ્ત્રીઓ ખુશી થતાં કુળને વધારેછે ને તેનું અપમાન થવાથી કુળનો નાશ કરેછે, માટે ધણીએ, શાસરાએ કે દિયરે તેનું કદી અપમાન પણ ન કરવું.

તેમજ મનુસ્મૃતિમાં મનુજી પણ કહે છે કે:—

संतुष्टो भार्यया भर्त्ता भर्त्रा भार्या तथैवच

यस्मि न्नेव कुले नित्यं कल्याणं तत्र वै ध्रुवं ॥१॥

यदि हि स्त्रि नरोचेत पुमान्सं न प्रमोदयेत्

अप्रमोदा त्पुनः पुंसां प्रजनं न प्रवर्त्तते ॥२॥

स्त्रियां हिरोचमानायां सर्वंतद्रोचतेकुलम्

तस्यां त्वरोचमानायां सर्वमेव नरोचते ॥३॥

पितृभि र्भ्रातृ भिश्चैताः पतिभि र्देवरै स्तथा

पूज्या भूषयित व्याश्च बहु कल्याणमिप्सुभिः ॥४॥

यत्रनार्यस्तु पूज्यन्ते रमन्ते तत्रदेवताः

यत्रैता स्तुन पूज्यन्ते सर्वास्तत्राफलाः क्रियाः ॥५॥

शोचन्ति जामयो यत्र विनश्यत्याशुतत्कुलम्

नशोचान्तितु यत्रैता वर्द्धते तद्धि सर्वदा ॥६॥

जामयो यानि गेहानि शपन्त्यप्रति पूजिताः
तानि कृत्या हतानीव विन श्यन्ति समंततः ॥७॥

અર્થ—જે કુળમાં સ્ત્રીથી પુરૂષ, ને પુરૂષથી સ્ત્રી ખુશી રહે છે તેજ કુળમાં કલ્યાણ વસે છે, એ નક્કી છે. ૧

સ્ત્રી ના ખુશીમાં હોવાથી પુરૂષને ખુશી કરી શકતી નથી, અને એ પ્રમાણે બન્નેમાં નાખુશી આવવાથી છોકરાં પછી થતાં નથી ૨

સ્ત્રી ખુશી થતાં આખું કુટુંબ ખુશ થાય છે, ને નાખુશ થતાં સર્વ નાખુશ થાય છે, ૩

પોતાનું કલ્યાણ ઈચ્છનાર માબાપ ને ભાઈઓએ તેમજ ધણી, સાસરો, ને દિયર એમણે પણ સારી રીતે તેને માન આપી શણગારવી. ૪

જ્યાં સ્ત્રીઓને માન મળે છે, ત્યાં દેવતાઓ રમે છે, ને જ્યાં માન નથી પામતી, ત્યાંની સર્વે ધર્મક્રિયાઓ અફળ થાય છે. ૫

જ્યાં સ્ત્રીઓ શોક કરે છે, તે કુલ જલદી નાશ પામે છે, ને જ્યાં તેઓ શોક પામતી નથી તે કુળ વધે છે. ૬

સ્ત્રીઓને માન ન આપવાથી જે ઘરને તેઓ શાપ દે છે, તે ઘરો તેથી બધી બાજુથી વિનાશને પામે છે. ૭

આ બધા પ્રમાણ પરથી જાણવામાં આવ્યું હશે કે જે માણસો બીજી સ્ત્રી કરે છે, તેઓ આ શાસ્ત્રોના વચનપર પગ મૂકે છે. વળી કુળવાન ગણાતા ગજવા ખાઉઓ તો તેથી પણ વધારે પાપનું કામ જે સ્ત્રીને કાઢી મુકવાનુ છે, તે કરવામાં ડાહપણ સમજે છે. પણ તે વિષે ધર્મ શાસ્ત્રોમાં કહ્યું છે કે—

પારાશર સ્મૃતિમાં—

विवाहा त्प्राक् पितारक्षे त्ततः पतिस्तु योवने
रक्षेयु वार्धकेपुत्रा नास्ति स्त्रीणां स्वतंत्रता ॥

વિવાહની પહેલાં પિતાએ તેનું (સ્ત્રીનું) ભરણ પોષણ કરવું, પછી જુવાનીમાં ધણીએ રક્ષણ કરવું, અને છેલ્લે ઘડપણમાં છોકરાંએ રક્ષણ કરવું. સ્ત્રીઓને પોતાનું પોતાની મેળે ગુજરાન ચલાવવાનુ છેજ નહી. ગૌતમસંહિતામાં પણ તેને મળતુંજ વચન છે:—

पितारक्षति कौमारे भर्त्तारक्षति योवने
रक्षेयु र्वार्धके पुत्रा नस्त्रीस्वातंत्र्यमर्हति ॥

બાળપણમાં માબાપે, જુવાનીમાં ધણીએ, ને ઘડપણમાં પુત્રે તેનું રક્ષણ પોષણ કરવું. વ્યાસ સંહિતામાં વ્યાસજી પણ કહે છે કેઃ—

सर्वावस्था सुनारीणां नयुक्तं स्याद रक्षणम्

तदेवानुक्रमा त्कार्यं पितृ भर्तृ सुतादिभिः ॥

દરેક અવસ્થાએ સ્ત્રીને કોઈની પણ તરફથી રક્ષણ મળવું જ જોઈએ; અનુક્રમે માબાપ, ધણી, ને છોકરાઓએ તેનું બાળપણ, જુવાની ને ઘડપણમાં રક્ષણ કરવું જોઈએ, વળી સ્ત્રીને કાઢી મૂકનારને પાપ પણ થાય છે, તે વિષે કહ્યું છે કેઃ—પરાશર સંહિતામાં

अदुष्टा पतितां भार्यां योवनेयः परित्यजेत

सत्यजन्म भवे त्स्त्रीत्वं वैधव्यंच समाप्नुयात्

દોશ વગરની પવિત્ર સ્ત્રીને જે માણસ જુવાનીના વખતમાં છોડી દે છે તેને સાત જન્મ સુધી સ્ત્રીનો અવતાર આવે છે; અને દરેક વખતે વિધવા થવું પડે છે. દક્ષસંહિતાના ૪ થા અધ્યાયમાં પણ એને મળતો શ્લોક છે.

अदुष्टा पतितांभार्यां योवने यः परित्यजेत्

सजीवनान्ते स्त्रीत्वं वंध्यत्वं च समाप्नुयात् ॥

દોશ વગરની પવિત્ર સ્ત્રીને જે માણસ જુવાનીમાં છોડી દે છે તે મરી ગયા પછી વિધવા થવા માટે સ્ત્રીનો જન્મ પામે છે. વળી બ્રહત્ પરાશર સંહિતાના ૪ થા અધ્યાયમાં પણ કહ્યું છે કેઃ—

त्यक्तायेनोढ भार्यातु सत्यक्तः पितृ दैवतैः

देवादित्यक्तः पापीयान् शुद्रादप्यधिकः स्मृतः ॥

જે માણસ પોતાની પરણીયત સ્ત્રીને કાઢી મૂકે છે, તેને પિતૃ દેવો પણ છોડી મૂકે છે. અને જેને પિતૃઓ વગેરે છોડી મૂકે છે તે શુદ્રના કરતાં પણ વધારે પાપી છે. જુઓ કેવાં કેવાં મોટાં પાપો ને સજાઓ શાસ્ત્રોમાં બતાવી છે. તેને પોતાના પિતરો છોડી દેછે, ને સાત જન્મ પર્યંત વિધવા સ્ત્રીના અવતાર આવે છે. કાંઇક વિચાર કરે તો તો ફરી એવું કામ કરવાનું નામ પણ ન દે. શું ઓછું કહ્યું છે?

પ્રકરણ ૪ થું.

૪૭ કોઈ માણસ ઉપરનું વિવેચન વાંચી એમ કહેવા લાગે કે એક સ્ત્રી જીવતી છતાં બીજી સ્ત્રી પરણવાથી ઘણા પ્રકારનું દુઃખ થાય છે. જેવું કે પૈસાનું, કજીઆ કંકાસનું, આબરૂનું, વગેરે તેમજ કેટલાંક મોટાં પાપ થાય છે. જેવાં કે શાસ્ત્રોલંઘન, બાળહત્યાઓ, સ્ત્રી હત્યાઓ, વ્યભિચાર વગેરે પણ તે બાબતમાં આપણા પ્રાચીનકાળના પૂર્વજોના વિચાર જાણવા જોઈએ, ને તે પરથી જે અનુમાન નિકળે તે પ્રમાણે વર્તવું જોઈએ, એટલું બોલી તુરત કહેશે કે દશરથ રાજાને કૌશલ્યા, સુમિત્રા, ને કૈકેયી એ ત્રણ રાણીઓ હતી. તેમજ, કૃષ્ણ મહારાજાને ૧૬૧૦૮, શાંતનુને ગોજન ગંધા (સત્યવતી) ને ગંગા એ બે, વસુદેવને રોહીણીને દેવકી એ બે, ઉત્તાન પાદ રાજાને સુરતિને સુમતિ બે, એ પ્રમાણે ઘણા રાજાઓને બે સ્ત્રીઓ હતી. તેમજ દેવતામાં ચંદ્રને ૨૭, અને રૂષિઓમાં કશ્યપને ૧૩ સ્ત્રીઓ હતી, તો તે પરથી જણાય છે કે પ્રાચીન કાળમાં બહુ સ્ત્રીઓ કરવાનો ધારો હશે.

૪૮ એનો જવાબ ઘણોજ ઉપયોગી અને બોધકારક થઈ પડે તેમ છે! બધા લોકોમાંથી થોડાક લોકો તે કામ કરે તો કાંઈ એમ ન કહેવાય કે તેમ કરવાનો ધારો છે. સત્યયુગમાં ઉત્તાન પાદ વિગેરે થોડાજ રાજાઓએ એક કરતાં વધારે સ્ત્રીઓ કરેલી જાણવામાં છે. તેમજ ત્રેતાયુગમાં પણ દશરથ વિગેરે ઘણાજ થોડા એ બે સ્ત્રીઓ કરેલી છે. તેપરથી જણાય છે કે તે વખતે ઉલટો વધારે સ્ત્રીઓ કરવાનો પ્રતિબંધ હશે. દ્વાપરના અંતમાં કાંઈ એવો પ્રતિબંધ જણાતો નથી, પણ સહયને માટે બ્રહ્મણોમાં તો મનાઈ હશે એમ જણાય છે, ઘણાજ થોડા રૂષિઓ સ્ત્રીઓવાળા જોવામાં આવ્યા છે. કશ્યપ રૂષિને ૧૩ સ્ત્રીઓ હતી એ તો ગાથા ગણાય છે. (ખરી વાત નથી ગણાતી.) જૈમિનિકૃત પાંડવાશ્વ મેધમાં *અવળી ચંડી સ્ત્રીની વાત લખી છે, તેપરથી તથા ગૌતમને અહલ્યાની વાતપરથી એમ પણ સાબીત કરી શકાય કે રૂષિ લોકોમાં બે સ્ત્રીઓ કરવાનો પ્રતિબંધ (અટકાવ) હશે, નહિ તો એ સહન કેમ કરે?

---

*ઉદ્દાલક નામના એક મુની હતા, તેની સ્ત્રીનું નામ દુર્ભગા હતું, તે સ્ત્રી ઘણીજ અવળ ચંડી હતી; એવી કે, રૂષિ કહે તેથી ઉલટુંજ કરવું, સારું કરવાનું કહે ત્યાં નઠારુંજ કરે, બેસ કહેતો ઉભી રહે, ને ઉભી રહે

કહેતો બેસી જાય, એવા દુઃખે તે ૠષિ બહુ દુઃખી હતા. તે ૠષિને ત્યાં બીજા ૠષિ પરોણા તરિકે આવ્યા, ત્યારે તેમણે તેને ઘણોજ ચિંતાતુર જોયો, તેપરથી ચિંતાતુર થવાનું કારણ પૂછ્યું; ત્યારે પોતાની અવળચંડી સ્ત્રીની વાત કહી, ને વિશેષમાં કહ્યું કે વધારે શોક મને મારા પિતાનું શ્રાદ્ધ આવે છે તે વખતે કેમ થશે એમ વિચારવાથી થાય છે, તે વખતે એ કુભાર્યા અવળું કરે ત્યારે? એ અતિથિએ કહ્યું કે તમારે ઉલટો મંત્ર સાધવો; એટલે ખાવાનું ન કરાવવાની મરજી બરજી હોય તો કહેવું કે ખાવાનું કર વિગેરે, એથી કેટલાક દહાડા એમ વર્તવાથી ઠીક થયું. તેવામાં શ્રાદ્ધનો દિવસ આવ્યો ત્યારે ઋષિએ સવારમાં ઉઠી કહ્યું કે "આજ મારા પિતાનો શ્રાદ્ધનો દહાડો છે. પણ આપણે આજે શ્રાદ્ધ કરવું નથી," તેવારે તે અવળચંડી કહે કે "કર્યા વગર ચાલવાનું નથી."

ૠષિ—ભલે ત્યારે પણ જોજે તું તેમાં કોઈ દેવ, બ્રાહ્મણ કે ૠષિને બોલાવતી ? *

અવળ—ના. હું આ નોતરૂં દેવા ચાલી—(નોતરૂં દઇ આવ્યા પછી)

ૠષિ—તું નોતરૂં દઈ આવી પણ આજે કાંઇ મિષ્ટ જમણ કરવું નથી.

અવ૦—બસ હું તો દુધપાકને માલપૂડા બનાવવાની.

ૠષિ—ઉપભોજન કે વ્યંજનની કાંઇ જરૂર નથી.

અવ૦—તે કર્યા વગર તો ચાલવાનું નથી, કરીશજ.

ૠષિ—ભલે, પણ પંચબલિની મારે કાંઈ જરૂર નથી.

અવ—ના, તે વગર ન ચાલે.

એ પ્રમાણે અવળા મંત્રની યુક્તિથી પોતાના પિતાનું બધું શ્રાદ્ધ પૂર્ણ કીધું, બધા દેવ ને મુનિ લોકો જમી ગયા, તેથી ૠષિ પોતાને કૃતકૃત્ય માની મનમાં અતિશે ખુશી થઈ પેલા ૠષિનો પાડ માનવા લાગ્યા, હર્ષને ને હર્ષમાં પછી આને કહ્યું કે (અવળો મંત્ર ભૂલી જઇને) પિતૃ પિંડ તું ગાયને ખવરાવી આવ. પછી આપણે જમીએ. ત્યારે અવડચંડી જઇને ગધેડાને ખવરાવી આવી, તેથી ૠષિને ઘણો ક્રોધ આવ્યો કે રાંડે બધુ ધૂળ મેળવ્યું; અને ક્રોધમાં ને ક્રોધમાં તેને શાપ દીધો કે જા તું આ પાસેના પર્વતમાં શિલા થઈને પડ" ઈત્યાદિ.

‡ ગૌતમનું રૂપ લઇ અહલ્યા પાસે ગયેલા ઇંદ્રને તેણે ઇંદ્ર જાણ્યા છતાં ભોગવ્યો. તોપણ ગૌતમે તેને છોડી બીજી સ્ત્રી કરી નથી. આ વાત સર્વને જાણીતી છે

સત્યયુગમાં ઉત્તાનપાદની વાત પણ ખરેખર બે બૈરીઓ કર-
નારને બોધ લેવા લાયક છે. પાંચ વર્ષની ઉંમરના બાળક ધ્રુવજીને વનમાં
જવું પડયું તેનું કારણ એ બે બૈરીઓ છે, તેમજ દ્વાપર યુગમાં દશરથને
ત્રણ રાણીઓ હોવાનું જે માઠું પરિણામ આવ્યું તેનો જો દરેક માણસ
વિચાર કરે તો, બીજી સ્ત્રી કરવાનું કદી નામ પણ ન લે; એ દુષ્ટાએ પો-
તાના પુત્રને રાજા તરીકે જોવાની ઇચ્છાથી ઇશ્વરમન્ય રામચંદ્રને તથા
લક્ષ્મીરૂપ સીતાને વનવાસ દીધો, અને પોતાના ભરતારને પણ એટલું દુઃ-
ખ આપ્યું કે તે બિચારાએ. પોતાના પ્રાણ બલાત્કારે કાઢયા. ઇશ્વરને અને
ઇશ્વરના બાપને પણ જે ચાલથી આવાં દુઃખ થયાં તો બીજાને થાય તેમાં
શું નવાઇ ? હવે આપણે વિચાર કરો કે આતો દ્વાપરની વાત છે. તે વ-
ખતમાંને આજના વખતમાં કેટલો ફેર છે ? તે વખતમાં પણ બે સ્ત્રીઓ-
ઓથી આવા મ્હોટા દુઃખદાઇ કર્મો થતાં તો આજ તેવાં થાય તેમાં શું ન-
વાઈ ? હાલની સ્ત્રીઓ કાંઈ કૈકયી કરતાં ઉતરે એવી નથી પણ તેના મો
ઢામાં થુંકે તેવી છે. તેમજ કૃષ્ણચંદ્રને ૧૬૧૦૮ સ્ત્રીઓ હતી, તેનો જવાબ
એ છે કે તે દરેકને દશ દશ પુત્રો તથા એક એક પુત્રી હતાં, તેમજ તે
દરેકની મન કામના પૂર્ણ કરતા, અને એતો સર્વ શક્તિમાન ઇશ્વર મના-
ય છે. તેમણે કનિષ્ટકાંગુલિથી ગોવર્ધન પર્વતને તોળ્યો હતો, વગેરે મોટાં મોટાં
કામો કર્યા તે શું તમારાથી થશે ? જો તેમનાં પરાક્રમ બરોબર તમારૂં
પરાક્રમ હોય તો તેમના જેવું કરો, નહિતો “ ચોરની વાદે ચણા ખાવા
જતા ” દુઃખી થશો. કોઈ કહે એતો અતિશયોક્તિ છે. તો હું કહુંછું કે
૧૬૧૦૮ સ્ત્રીઓ એ કાંઇ ઊનોક્તિ નથી. વિચીત્ર વીર્યની બે સ્ત્રીઓને લીધે
ધૃતરાષ્ટ્ર અને પાંડુ એ બે ઓરમન ભાઈઓનું થવું એજ મહાભારતની
લડાઇનું અંદરનું (ગુપ્ત) કારણ છે. તેમજ ભીષ્મ પીતા જેવા મહાત્મા પર
તેના ઓરમાન ભાઇએ મુકેલો અપવાદ પણ બૈરીઓ કરવાની નાજ પાડે
છે. વસુદેવની બે સ્ત્રીઓ જૂદે જૂદે ઠેકાણે રહેવાનું કારણ પણ ગુપ્તજ
રહેલું છે. સગર નામે સૂર્ય વંશી રાજા છે તે જ્યારે તેની માના પેટમાં
હતો ત્યારે તેની ઓરમન માએ ઝેર દીધું હતુ; અને તે ગર એટલે ઝે-
ર સાથે અવતર્યો, માટેજ તેનું નામ સગર પડયું. પરમાત્મારૂપ કૃષ્ણને પણ
એજ કારણને માટે સતભામાના ટુંકારા ખાવા પડયા હતા, તેમજ ચંદ્રને
૨૭ સ્ત્રીઓ હતી, આ વાતને ગાથા રૂપેજ કેટલાક માનેછે. કદાપિ તે વા-
ત ખરી હોય તોપણ, એથી બે કે વધારે સ્ત્રીઓ કરવામાં સુખ છે, એ-

મ એ ઉપરથી જણાતું નથી, પણ દુઃખ છે એમ ઉલટું જણાય છે તે આ રીતે કે દક્ષ નામના પ્રજાપતીને ઘણી કન્યાઓ હતી તેમાંની વિશાખા વિગેરે ૨૭ ચંદ્રને પરણાવી હતી, તે સર્વ સ્ત્રીઓમાં ચંદ્ર રોહિણીને ઘણું ચહાતો હતો, તેથી બીજી બધી સ્ત્રીઓ પોતાના પિતા પાસે જઈ કહેવા લાગી કે " તેતો રોહિણી શિવાય અમારામાંની કોઈને બોલાવતા નથી", તે પરથી દક્ષને ક્રોધ ચડતા તેણે શાપ કીધો કે " તું અસમાન ભાવથી વર્તે છે માટે ક્ષય રોગી થા ", જુઓ બહુ બાઇડીઓનું ફળ? દક્ષની બીજી ૧૩ કન્યાઓ કશ્યપ નામના ઋષિને પરણાવી હતી, તેમાં અદીતિના પુત્રો દેવતા ને દીતિના પુત્રો તે દૈત્ય નામથી ઓળખાય છે. એ બે ઓરમાન ભાઈઓની વઢવાડ એજ પૂરાણનો મુખ્ય વિષય છે. એમને સદાવેર ચાલે છે દેવતાને દૈત્યો પીડા કરતા માટેજ પરમાત્માને અવતાર લેવા પડયા એમ પૂરાણોમાં ઠેકાણે ઠેકાણે કહેલું છે. અદીતિનો વડો પુત્ર જે ઇંદ્ર તેણે પોતાની ઓરમાન માના પેટમાં પેસીને તેના ગર્ભનો (પોતાના ઓરમાન ભાઈનો) છેદ કીધો (કાપી નાંખ્યો); અને ઋષિ પુત્રે અને દેવના રાજાએ પોતાના સગા ભાઇની (એક બાપના) હત્યા કરી, તેનું કારણ માત્ર એ વધારે સ્ત્રીઓ છે સૃષ્ટિનો જે મોટો નિયમ કે એકજ જગ્યામાં એકજ વખતે બે પદાર્થો સાથે રહી શકતા નથી) તે કેમ તુટે? તેમજ એક કશ્યપની બીજી બે સ્ત્રીઓ કદ્રુઅ વિનતા છે, તેમના પુત્ર સાપ ને ગરૂડ છે. તેમને પણ એજ કારણ માટે સદાય વેર ચાલે છે. ખરે જો આ ગાથાજ છે તો હું કહું છું કે ખરેખર તે બે સ્ત્રીઓ કરનારને બોધ કરવાને સારૂંજ પૂર્વના કવિઓએ જોડી છે. આવા પાપકારી રિવાજનું વિધાન સારા માણસો કબુલ નથી કરતા તો સચ્છાસ્ત્રોમાં કે વેદાદિમાં તો હોયજ કેમ?

શાસ્ત્રમાં તો ચોખી નાજ પાડે છે. વ્યાસ સહિંતાના ત્રીજા અધ્યાયમાં તો એક સ્ત્રી ઉપર બીજી સ્ત્રી કરનારને સજા ફરમાવેલી છે. તેમાં કહે છે કેઃ—

त्यजन्नदुष्टां दंडस्या दूषयन् च्याप्य दूषिताम्
उढायां हि सर्वणाया मन्यां वाका समुद्वहेत् ॥

પવિત્ર સ્ત્રીને દંડનારો, અને દોષ વગરનીને દુષણ આપનારો, તથા સુવર્ણની સ્ત્રી પરણ્યા છતાં કામને લીધે બીજી સ્ત્રી પરણનારને દંડ દેવા જોઈએ.

૪૯. આ સંસારમાં જન્મી દરેક માણસે ઇશ્વરને ખુશ કરવો જોઇએ, પણ ઈશ્વર શાથી ખુશી થશે ? આપણે કાંઈ આપીને ખુશી કરી શકવાના નથી, કેમકે તેની પાસે શાની ખોટ છે ? ત્યારે શી રીતે ખુશી કરવો ? જેમ આપણે આપણા ધણીને તેની આજ્ઞા માનવાથી ખુશી કરીએ છીએ, તેમજ ઇશ્વરને પણ તેની આજ્ઞા પાળી ખુશી કરવો જોઈએ. ત્યારે ઇશ્વરની આજ્ઞા શી રીતે જણાય ? તે કાંઈ આપણા કાનમાં આવીને કહી જાય છે ? ના, આપણા કાનમાં આવીને કહી નથી જતો, પણ અલૌકિક ઇશારતથી જણાય છે. તે ઈશારત અજ્ઞાન લોકોથી સમજાતી નથી, પણ જ્ઞાનીને દીર્ઘ દૃષ્ટિવાળા લોકોજ તેને સમજી શકે છે. માટેજ જ્ઞાની લોકો કહે છે કે " ઇશ્વર પોતાની આજ્ઞા અલૌકિક ઈશારતથી બતાવે છે." આ સંબંધે અલૌકિક ઈશારત નીચે પ્રમાણે છે. આ સંસારમાં સ્ત્રી અને પુરૂષની સંખ્યા લગભગ સરખીજ છે. આ અલૌકિક ઈશારતથી જણાય છે કે એક પૂરૂષે એકજ સ્ત્રી પરણવી જોઈએ. કેમકે પિતાની બક્ષીસ કરેલી વસ્તુ દરેકને સરખી મળવી જોઈએ; જેમકે, કોઇ પિતા પાંચ વસ્તુઓ લાવી પોતાના પાંચ પુત્રોને કહે કે વહેંચી ખાઓ, તો દરેકે એક એકજ લેવી જોઈએ. આ ઠેકાણે કોઇ એમ કહે કે દરેક એકેક લે ત્યારે પુરૂષાર્થનું ફળ શું ? તેનો જવાબ એટલોજ કે સ્વભાવિક વસ્તુંઓમાં પુરૂષાર્થથી વધારે મળતું નથી, ને લેવા જાય છે તો કાંઇ ન વળતાં દુઃખી થાય છે. પણ પાછા જ્ઞાનચક્ષુ રહિત લોકો તે દુઃખને લક્ષમાં લેતા નથી. વ્યભિચારી ને વ્યસની પુરૂષો જેમ ધન, કીર્તિને તન મનનું દુઃખ ભોગવ્યા છતાં છોડતા નથી, તેમ એ લોકો પોતાની ટેવ છોડતા નથી,

૫૦ ધારો કે કોઇ માણુસને દશ છોકરા છે. તે માણુસ તે છોકરાઓને સારૂ કોઇ વસ્તુનાં દશનંગ લાવે, એવી મતલબથી કે દશ જણને દશ બસ છે, વધારે હશે તો તેનો ઉપયોગ કરતાં તેઓ દુ:ખી થશે; અને છોકરાને બોલાવી કહે કે હું ગામ જાઉં છું, તમે એ દશ વસ્તુ વહેંચી લઈ વાપરજો, એમ કહી તેમનો બાપતો ગામ ગયો, પણ પછી છોકરાઓએ શું કર્યું તે જુઓ. તેમાંના એક બળવાન છોકરે એક વસ્તુ વધારે લીધી અને એક ચોર છોકરે એક ચોરી લીધી, તેથી બે જણને બબ્બે આવી, છઠાને એક મળી ને બે જણે તે વસ્તુ વગરના થયા. એથી પેહેલા બે જણે બબ્બે વસ્તુઓ લીધી તેઓ જાદે વાપરવાથી દુઃખી થયા, તે બેએ તો

તેના સુખનો લગારે સ્વાદ ચાખ્યોજ નહિ. બાપે આની આ વાત જાણી, ત્યારે તેણે પેહેલા બેને કહ્યું કે " પુત્રો તમે બને મૂર્ખ છો, કેમકે મે ૧૦ વસ્તુ આપી તે પરથીજ તમારે વિચારવું ઘટતું હતું કે એ બધાને ક એકજ લેવી ઘટીત છે. વધારેની જરૂર હોય છે ત્યાં શું હું તમને વધારે નથી આપતો ? માટે જાઓ તમારા કર્મનું ફળ તમે ભોગવો; ઉપરાંત તમે તમારા બે ભાઈને વસ્તુ વગરના રાખ્યા, માટે વિશેશ પાપી છો. " આ દ્રષ્ટાંતમાં ઇશ્વર તે પિતા છે, પુરૂષ છે તે તેના છોકરા છે, અને સ્ત્રી એ પુરૂષને માટે બતાવેલી એક વસ્તુ છે એમ ધારો; તેમની સંખ્યા પુરૂષની સંખ્યાં બરોબર છે, માટે દરેક એકજ પરણવી ઘટે છે. ઈશ્વરે આંખો અને કાન બે બે આપ્યાં છે, અને નાકને જીભ એકેકજ આપ્યાં છે, એ બધા ઉપરથી જણાય છે કે એકજ સ્ત્રી પરણવી, અને ઇશ્વરની આજ્ઞાને માન્ય આપવું, "વેદ" તે શું છે ? ઈશ્વરની આજ્ઞાનું પુસ્તક* છે. તો આ પણ ઈશ્વરી આજ્ઞા છે, માટે વેદ છે. વેદમાં એવી અનેક આજ્ઞાઓ છે ને આ તેમાંની એક છે, માટ તે પ્રમાણે વર્ત્તો નહિં તો પેલા બે છોકરાની પેઠે ન્યાયી પીતાના ગુન્હેગાર થશો.

હરકોઇ વસ્તુ જેટલી જોઈએ તેટલી વાપરવાથી તે કામ ઠીક થાય છે, ને તેથી વત્તુ અથવા ઓછું વાપરવાથી બગડે છે. જેમકે બશેર ખીચડીમાં નાંખવાને ધારો કે બે રૂપિયાભાર મીઠું જોઇએ, અને પછી એક શેરની ખીચડીમાં બેય રૂપિયાભાર મીઠું નાંખી દીધું, તો તેથી તે ખીચડી ખારી થશે. તેમજ બીજી શેર ખીચડીમાં મીઠું નહીં હોવાથી તે ખીચડી મોળી થશે, એ રીતે બેય શેર ખીચડી નકામી થશે. માટે એક માણસ એક કરતાં વધારે સ્ત્રીઓ પરણતાં તે સ્ત્રીની સખ્યા જેટલાં ઘર તે ભાગે છે, એમ કહેવાય; કેમકે પાંચ સ્ત્રી પરણનારનું ઘર તો ભાગેલુંજ છે (કહેવત છે કે બે બાયડીઓવાળો રંડાય નહી, ને મંડાય પણ નહી); અને બીજાચાર તેને લીધે કુંવારા રહેશે, તેથી એ ચાર ઘર ભાગ્યાં, એજ પ્રમાણે રાજા જેટલી સ્ત્રીઓ પરણે છે, તેટલાં ઘર ભાગે છે એમ હું માનુ છું. સ્ત્રી અને પુરૂશ એ બંને સંસાર રૂપી રથની ડાબી અને જમણી જુંસરી વહેનાર છે, એમ કહેવાય, તેમાં જો એક તરફ વધારે વાહક હોય ને બીજી તરફ એકજ વાહક હોય તો પેલા એકલાને બહુ ખેંચવું પડે છે, એટલુંજ નહિ, પણ કેટલાક રથ એક એક વાહક વગર અમથાં પડી રહે છે. અર્થાત એક જણ " મુઇ રાંડો " કરતો જીંદગી પૂરી ક-

રશે અને કેટલુંક " ઓ " " ઓ " કરતાં મરી જશે. જોઈએ તે ક-રતાં વધારે અનાજ ખાવાથી અપચો થાય છે, અને બીજો ભૂખ્યો મ-રી જાય છે, માટે બધાએ વહેંચીને ખાવું જોઈએ, કે જેથી કોઈને અપ-ચો ન થાય; તેમ કોઈને ભૂખ્યા પણ ન રહેવું પડે, માટે વિચાર કરો. શું એક સ્ત્રી ઓછી છે ! માટે સમજો, અને તમારી સમજણ ન ચા-લે ત્યાં બીજા સમજુના કહેવા પ્રમાણે ચાલો તો તમારૂં કલ્યાણ થશે, ને તેમ નહિ વર્ત્તો તો ઐહિક ને આમુષ્મિક અહિતને પામશો—

નીતિ શાસ્ત્રમાં પણ કહ્યું છે કે—

संतोष स्त्रीषु कर्तव्यः स्त्रीषुवैभोजनेधने

त्रीषु चैव न कर्तव्यो ऽध्ययने तप दान योः

સ્ત્રી ભોજન ને પૈસો એ ત્રણ વાતમાં સંતોષ રાખવો, ને ભણત-ર, તપ ને દાન એ ત્રણમાં સદાય અસંતોષ રાખવો એટલે ત્રણથી કદી ધરાવું નહિ માટે છેવટ હું કહું છું કે

प्रजाहीनोऽप्यपुत्रोऽपि यदीच्छे च्छ्रेयमात्मनः

कस्मैश्चिदपि कार्याय नम वत्वं द्वि भार्यकः

સંતાન વગર હોય, પુત્ર વગરનો હોય કે બીજું ગમે તે કારણ હો-ય તો (હે સમજુ માણસો) તું બે બાઈડીઓવાળો થઈશ માં કેમકે તેથી—

प्रथमं नश्यति द्रव्यं पश्चात्क्लेशश्च जायते

मनश्च पीड्यते ताभ्यां तेन सर्वं गतं सुखम्

પહેલું દ્રવ્ય નાશ પામે છે, પછી ક્લેશ ઉત્પન્ન થાય છે. ને તેથી મ-ન પીડાય છે, ને તેથી બધાં સુખ નાશ પામે છે. માટે બે બાયડીઓને ના-મે છેલ્લે જળ મૂકો.

भाग २ जो.

પ્રકરણ ૧ લું.

૫૧. આપણા લોકોની (હિંદુઓની) લગનની હાલની રીતિ તદન વેદમાં બતાવ્યા પ્રમાણે નથી, પણ દેશકાળને પ્રતિકુળ જણાતી કેટલીક ક્રિ-

ચાઓ કાઢી નાંખી, કેટલીક તાંત્રિક ક્રિયાઓ નવી જોડાઇ થએલી છે, તોપણ દરેક દ્વિજ વર્ગ એટલુંજ નહિ, પણ દરેક હિંદુ એમજ કહેશે કે અમારી લગ્ન ક્રિયા અમારા વેદને આધારે છે, દરેક વેદને અંગે ગૃહસૂત્ર નામે ગ્રંથો છે. જેમકે ઋગ્વેદનું આશ્વલાયન, યજુર્વેદનું કાત્યાયન, ને સામવેદનું ગોભિલ વગેરે. એ ગૃહસૂત્રોમા એવા સંસ્કારોની વિધિઓ લખેલી છે. વર કન્યાને વસ્ત્ર આપતાં કહે છે કેઃ—

१. या अकृन्तन्नवयं या अतन्वत याश्च देव्यो अन्तान भितो ततन्थ
तास्त्वा देव्यो जरसा समयन्त्वायुष्मतीरं परिधत्सवासः

જે દેવીઓ (સ્ત્રીઓ) સુતર કાંતે છે, ને જે તેને એકઠું કરી તેની ફાળકીઓ કરે છે, તથા તાણો વાણો કરીને લુગડાં બનાવે છે (વણે છે) તે દેવીઓ હે આયુષ્મતિ! તને મર્ણ પર્યંત લુગડાં પૂરાં પાડો. અને આ લુગડાં પહેર—ભાવાર્થ—આ લુગડું પહેર અને મારે ત્યાં આવવાથી તને સદાય આવાં આવાં લુગડાં પહેરવા મળશે.

૨ પછી અગ્નિ અને વિદ્વાન પુરૂષો સમક્ષ સ્ત્રી પુરૂષો બંને કહે છે કેઃ—

समञ्जन्तु विश्वे देवाः समापो हृदयानि नौ
संमातरिश्वा संधाता समुदेष्ट्री दधातु नौ

(विस्वदेवाः) હે વિશ્વદેવો, (समापः) જલનાં જેવાં કોમળ (नौ) અમારા બેનાં (हृदयानि) હૃદયોને (समंजंतु) સારી રાતે આંજો, અર્થાત્ શુદ્ધ કરો. (संमातारिस्वा) પ્રાણ વાયુના જેવા, (धाता) ને ધાતાની પેઠે, તથા, (उदेष्ट्री) ઉપદેશકની પેઠે પરસ્પરના સંબંધથી (नौ) અમને બેને (संदधातु) સાંધો.

३. अघोर चक्षु रपति ह्येधि शिवा पशुभ्यः सुमनाः सुवर्चाः
वीर सूर्देवकामा स्योना शन्नो भव द्विप देशं चतुष्पदे ३

હે (अपातिघ्नि) સ્વામી સાથે વિરોધ ન રાખનારી સ્ત્રી, તું (अघोरचक्षुः) પ્રિય દૃષ્ટિવાળી (एधी) થા. (આપદ વારંવાર લેવાનું છે.) (पशुभ्यः) પશુઓ માટે (शिवा) સુખદાતા, (एधि) થા; (सुमनाः) પવિત્ર અં-

તઃકરણવાળી, (सुवर्चा) સારા પ્રકાશવાળી, (वीरसू:) ઉત્તમ પુરૂષને જન્મ આપનારી, (देवृकामा) દિયરને ખુશી કરનારી, (स्योना) થા. અને (नः) અમારા (द्विपदे) માણસોને માટે, ને (चतुष्पदे) અમારા પશુઓને માટે, (शं) કલ્યાણને આપનારી (भव) થા.

પછી સ્ત્રીનો હાથ ગૃહણ કરતાં કહે છે કે—

ओ३म् गृभ्णामि ते सौभगत्वाय हस्तंमया पत्या जरदष्टि र्यथासः ।
भगो अर्यमा सविता पुरंधिर्मह्यं त्वादुर्गार्हपत्याय देवाः ॥ ४ ॥

(सौ भगत्वाय) सौभाग्यं वर्धयितुं (ते) मोवराने तव (हस्तम्) पाणिं (गृभ्णाभि) गृहणं करोमि तेंन कारणेनत्वं (मया) मया (पत्या) वरेण सह (जरदष्टिः) वृद्धावस्था पर्यंतं (यथासः) येन प्रकारेण सुखं भवेत्तथैवातिष्ठा (भगः) ऐश्वर्ययुक्तदेवो (अर्यमा) न्यायकारीदेवः (सविता) सृष्टादेवो (पुरंधिः) धर्ता देवोऽन्येचकेचिद (देवाः) देवाः (गार्हपत्याय) गृहस्थाश्रमस्यार्थं (त्वा) त्वाम् (मह्यम्) मे (अदुः) दन्तवान्

હે વરાનને ! તારૂં સૌભાગ્ય વધારવાને માટે હું તારો હાથ પકડું છું. તેથી તું મારી સાથે રહીને મરણ પર્યંત સુખી થવાય તે રીતે રહે, ગૃહસ્થાશ્રમને ચલાવવા માટે ભગ, અર્યમા, સવિતા, અને પુરંધિ વિગેરે દેવોએ તને મને સોંપી છે.

५. भगस्ते हस्तमग्रभीत् सविताहस्तमग्रभीत् ।
पत्नी त्वमसि धर्मणाहं गृहपति स्तव ॥ ५ ॥

असौ (भगः) ऐश्वर्यवान् योहं सतव (हस्तम्) पाणिं (अग्रभीत्) गृहणमकरोत् तथैव (सविता) धर्ममार्गे प्रवर्तको भियोऽहंस तव (हस्तम्) पाणिं (अग्रभीत्) गृहणमकरोत्तस्मात् (त्वम्) हे पत्नित्वं मम (धर्मणा) न्यायेन (पत्नी) भार्या (असि) भूतासि (अहं) अहंचं धर्मणा (तव) ते (गृहपतिः) भर्त्ता भूतोऽस्मि.

મેં ઐશ્વર્યવાને તારો હાથ પકડ્યો છે. (તેથી આજથી તારૂં ઐ-

શ્વર્ય વધશે). (તેમજ) મેં ધર્મમાં પ્રવર્ત્તેલા માણસે તારો હાથ પકડયો છે, (તેથી તારામાં ધર્મ પણ આવશે), અને તેટલાજ માટે હું મારો ધણી છું ને તું મારી પત્ની છે.

એ પ્રમાણે હસ્ત ગૃહણના છ મંત્રો છે. પણ તે બધા લખતાં વિ- સ્તાર થાય માટે લખતો નથી. માત્ર તેનો સારજ નીચે લખું છું.

૩ જાનોસાર—હે પત્ની તું મારી પોષ્યા (પોષણ કરવા યોગ્ય) છે, અને તેથી તું મારી સાથે સો વર્ષ પર્યંત સુખમાં જીવ.

૪ થાનોસાર—હે પત્ની હું તને ઉત્તમ પ્રકારના ઉજ્વલ્લ વસ્ત્રો તથા આભૂષણો આપીશ.

૫ માનોસાર—સર્વે દેવોની કૃપાથી મ્હારા તરફથી સદાય તને સ- તાનાદિનું સુખ પ્રાપ્ત થશે.

૬ હાનોસાર—કુળને વધારવાની ઇચ્છાવાળો હું પતિ, ત્હારાથી કોઈ વસ્તુ છાની નહિં રાખું, અને દુર્વ્યસનોમાં નહિ ફસાતાં તને સુખ આપીશ.

૬ સપ્તપદીમાં નીચે પ્રમાણે મંત્રો છે.

ગોભિલમાં (સામવેદમાં), (આશ્વલાયનમાં) એટલે ઋગ્વેદમાં,

१ एक मिषे विष्णुस्त्वानयतु	इष एक पदीभव.
પહેલું પગલું ભર, તને વિષ્ણુદેવ ખાનપાન આપશે.	
२ द्वे ऊर्जे विष्णुस्त्वानयतु	ऊर्जे द्वीपदी भव.
બીજું પગલું મૂક, વિષ્ણુદેવ તને બળ આપશે.	
३ त्रीणिव्रताय विष्णुस्त्वानयतु	रायस्पोषायत्रिपदीभव
ત્રીજું પગલું વિષ્ણુ તને વ્રતને અર્થે ભરાવો.	ધનને અર્થે ત્રીપદીથા,
४ चत्वारि मायो भवाय विष्णुस्त्वानयतु	मायो भवाय चतुष्पदीभव.
ચોથું પગલું આગળ ચાલ,	વિષ્ણું તને સુખ આપશે.
५ पंच पशुभ्यो विष्णुस्त्वानयतु	प्रजाभ्यः पंचपदीभव
પશુઓને માટે વિષ્ણુ તને પાંચમું પગલું ભરાવો.	પ્રજાને માટે પાંચમુ પગલું ભરનારી થા.
६ षड्रायस्पोषायविष्णुस्त्वानयतु	ऋतुभ्यः षट्पदीभव

છઠ્ઠું પગલું વિષ્ણું તને ધનને અર્થે ભરાવો. ઋતુઓના લાભને અર્થે છપદી થા.

૭ सप्त सप्तेभ्यो होताभ्यो विष्णुस्त्वायतु सखे सप्त पदीभव.

સાતમું પગલું સાત હોતા અર્થે વિષ્ણું ભરાવો. મિત્ર થવા માટે સપ્તપદી થા.

ભાવાર્થ—અન્નપાન, ધન, આરોગ્ય પશુ એ સર્વે તને આપીશ.

अमोहमस्मि सात्वं सात्वमस्यमोऽहम्

द्यौ रहं पृथिवीत्वमृकत्वमसि सामाहं मामनुव्रताभव ॥७॥

હું "અમ" છું, અને તું "સા" છે. તું "અમ" છે, અને હું "સા" છું. હું આકાશ છું, અને તું પૃથ્વી છે, તું "ઋગ" છે. અને હું "સામ" છું. માટે મારી અનુવ્રતા (મારી મરજી પ્રમાણે વર્તનારી) થા. મતલબ કે જેવા સામ શબ્દમાં સા અને અમના પરસ્પરનો સંબંધ છે. તથા આકાશ અને પૃથ્વીનો જેવો સબંધ છે, જેવો ઋગ્વેદને સામવેદનો સબંધ છે. તેવા ત્હારો ને મ્હારો સંબંધ થાઓ, એટલે તેઓ જેમ એક બીજાથી છુટા પડી શકતા નથી, તેમ આપણે પણ છુટા ન પડવું.

૮ मम व्रत्ते हृदयं दधातु । मम चित्त मनुचित्तं तेऽस्तु ।

ममवाच मेकमना जुषस्व । वृहस्पतिस्त्वा नियक्तु मह्यम् ॥८॥

મારા કામમાં તારૂં હૃદય રાખજે, તારૂં ચિત્ત મારા ચિત્તને અનુસરતું રાખજે. મારા વચનને ખરા અંતઃકરણથી સાંખજે (પાળજે). બ્રહસ્પતિ તને મારા નિયમમાં રાખો.

૯ यदेतद्धृदयं तव तदेतद्धृदयं मम । य दिदं हृदयं मम तदस्तु हृदयं तव ।

હે સ્ત્રી જે આ તારૂં અંતઃકરણ તે મારૂં અંતઃકરણ થાઓ, અને આજે મારૂં અંતઃકરણ તે તારૂં અંતઃકરણ થાઓ, અર્થાત્ કોઈ દહાડો આપણાં બંનેનાં ચિત્ત જૂદાં ન થાઓ.

૧૦ अन्नं प्राणस्य षड्विंशस्तेन बध्नामित्वासौ

હે સ્ત્રી અન્ન છે તે પ્રાણનો આધાર છે. માટે તે વડે તને બાંધું છું. એ પ્રમાણે બહુ મંત્રો બંનેને સલાહ સંપથી વર્તવાની પ્રતિજ્ઞાના તથા

સ્ત્રીએ પુરૂષને અને પુરૂષે સ્ત્રીને સુખ આપવાના છે. તે બધા લખતાં ઘણું લંબાણુ થાય, માટે જરૂર જેટલા અને સેહેલા અર્થવાળા (વાંચવાથી સમજાય માટે) એટલા મંત્રો અર્થ સાથે લીધા છે.

પ્રકરણ ૨ જું.

प्रतिज्ञानो अनादर.

પર. પ્રિય વાંચનારાઓ! આથી તમારા લક્ષમાં આવ્યું હશે કે લગ્નનું કામ કેવા મોટા મહત્વનું છે. તેમાં સ્ત્રી પુરૂષો એક બીજાની સમક્ષ કેવી મોટી સરતો કબૂલ કરે છે! પણ અજ્ઞાન માણુસો તે શરતો તે શું તે પણ સમજતા નથી. બાળલગ્નને લીધે વર વહુતો તેનો અર્થ સમજતાં નથી, પણ તેમના માબાપ પણ તેનો અર્થ સમજતા નથી. અને એવા મહત્વના કામમાં ગોરને કહે છે ગોરદેવ! જરા ઉતાવળ કરો મોડું થાય છે, તમે તો બહુ ધીમા, ગણપતરામ હોય તો તો અત્યારે વરઘોડીઆં ક્યારનાં પરણી ઉતર્યા હોય. એવી રીતે અજ્ઞાન લોકો તેમાં શું બોલે છે તે સમજવાની દરકાર રાખ્યા વગર એતો વેદ ભણાય છે, એટલુંજ માત્ર સમજે છે. ગુજરાતી ભાષામાં વિવાહ વિધિના બે ત્રણ પુસ્તકો છપાયાં છે, તો પણ કાંઈ હજી તે પુસ્તકોનો બહુ વિસ્તાર થયો નથી. માટે દરેક માણસે સાર્થ વિધિ જાણવી જોઇએ. કેટલીક નાતોમાં વિવાહ (સગાઈ) ના લેખ થાય છે. તેમાં વહેવાઇ વહેવાઇની પરઠણો લખે છે. તેમજ આ અગ્નિની સાખે અને વિદ્વાન લોકોની સમક્ષ પ્રતિજ્ઞારૂપ સરતો છે. તે પ્રતિજ્ઞાઓ બધાને એક સરખી હોવાથી લખાતી નથી. તો પણ વિચાર કરો કે અગ્નિ ને વિદ્વાનની સાખે કરેલી પ્રતિજ્ઞા કેમ તોડાય?

પ૩. પહેલા મંત્રમાં તે વખતે જેવાં લૂગડાં પહેરે છે. તેવાં લૂગડાં સદાય આપવાને માટે બંધાય છે, છતાં કેટલાક કુળવાનો (ગણાતા) તો પોતાની બૈરીના લૂગડાં ફાટતાં તુરત તેને તેના પિયર મોકલી દે છે. અને કેટલાકને વગર કાઢી મૂકે ઘેર બેઠાં આવે છે, અને પોતાને, બૈરીને એક તાંતણો સરખો વેચાતો લઈ આપવો પડતો નથી; એટલુંજ નહિ, પણ પોતાના છોકરાંનાં લૂગડાંને માટે પણ તેના તરફથી આશા રાખે છે. પણ જો તેઓ આમાં બતાવેલો પહેલો મંત્ર લક્ષમાં લે તો પોતાની વર્તણુક ગેરવાજબી છે, એમ તુરત માલુમ પડશે.

તેમજ સમપદીમાં સાત જૂદી વસ્તુઓ આવવાને બંધાય છે. એમ છતાં બિચારી અબળાને કાઢી મૂકાને અગ્નિને વિદ્વાન સમક્ષ કરેલી પ્રતિજ્ઞા તોડે છે. પહેલે પગલે અન્ન આપવાને બંધાય છે, છતાં કેટલાક લોકો જૂનીને કાઢી મૂકે છે. પણ તેણે વિચારવું જોઇએ છીએ કે તેનો જવાબ તમારે પરમેશ્વરને અને આ લોકમાં ફર્યાદ કરશે તો ન્યાયાધીશને આપવો પડશે. તેમજ સપ્તપદીના બીજા પગલામાં બળ આવવાનું વચન આપે છે, તેને બદલે કેટલાક મૂર્ખો બિચારી અબળાને માર મારી દુઃખ દેછે. તેમજ આરોગ્યતા, ધન, પશુ વગેરે આપવાનું તે આપતા નથી. તેથી તેઓ મહા ગુનેગાર છે. તેમજ (सख्यं ते मागमेयं। सख्यं ते मायोषाः सख्यं ते मायोष्ठाः) આ મંત્રમાં કહે છે કે બીજી સ્ત્રીઓ તારી મિત્રાઈ (સ્નેહ) છોડાવવા પ્રયત્ન કરતાં છતાં હું કદી નહિ છોડું, એમ પ્રતિજ્ઞા કરે છે. અને હાલમાં નવી કરનારાઓ આ મંત્ર ઉપર બરોબર રીતે પગ મૂકે છે. નવીની વાત સાંભળી બિચારીને મહાદુઃખ દેછે.

પાણિ ગ્રહણના પહેલા મંત્રમાં સુખ વધારવા સારૂ તારો પાણી ગ્રહણ કરૂં છું એમ કહે છે. અને મહા દુઃખ આપે છે. માટે એ પ્રતિજ્ઞા પણ તોડી. આમાં લખેલા ૭ મા મંત્રમાં એક થઈ રહેવાને કબુલ કરે છે, પણ પછી બીજી સ્ત્રી કરતાં એક બીજાના શત્રુ થાય છે એજ પ્રમાણે દરેક મંત્રમાં જે જે આપવાનું કહ્યું છે, તે આપતા નથી; ને તેને બદલે તેથી ઉલ્ટું આપે છે. આમાં સ્ત્રીઓ પણ પોતાની કરેલી શરતો તોડે છે. પણ તે તોડાવનાર તેમના ધણીઓ છે. માટે તેમાં તે સ્ત્રીઓનો વાંક નથી, પણ પુરૂષોનોજ છે. (सम्राज्ञीश्वशुरेभव० ઇત્યાદિ મંત્રોમાં) જે સાસુ સસરા વિગેરેને રંજન કરવાનું કહેલું છે. પણ કાઢી મૂકેલી સ્ત્રીઓ સાસુ સસરાને શી રીતે રંજન કરે? કદાપિ કાઢી ન મૂકે તો પણ હાલના હિંદુ સંસારમાં સાસુ અને નણંદને ખુશી કરવાનું કામ બહુ મુશ્કેલ અથવા અશક્ય છે. કેમકે સાસુ અને નણંદ એવા નગુણાં હોય છે કે બિચારી માથું કાપી ઓશીકે મૂકે તોપણ કહે કે અમને ખુંચે છે. અર્થાત્ સાસુ નણંદને વહુ રંજન કરી શકતી નથી. પણ તેમાં તે બિચારીનો જરા પણ વાંક નથી. આમાંના નવમા મંત્રમાં તારૂં ચિત્ત તે મારૂં ચિત્ત, ને મારૂં ચિત્ત તે તારૂં

ચિત્ત, એમ કબુલ કરે છે. ને પછી એક બીજાને દુશ્મન બરોબર ગણે છે તો તેના જેવું બીજું પ્રતિજ્ઞા તોડનાર કોણ?

પ્રકરણ ૩ જું.

દણ્ડઃ

૫૪ હવે પરણતી વખત *અગ્નિદેવ અને વિદ્વાન પુરૂષો સમક્ષ મોટી મોટી પ્રતિજ્ઞાઓ કરે છે, અને પછી પાળતા નથી; એટલુંજ નહિ, પણ તે આપણે પાળવાની છે એવું લક્ષમાં પણ લાવતા નથી, તો એ બાબત તેમને કાંઇ સજા થવીજ જોઈએ. કેમકે મનુજી કહે છે કે—

दण्डः शास्ति प्रजाः सर्वा दण्ड एवामि रक्षति

दण्डः सुप्तेषु जागर्ति दण्डं धर्मं विदु र्बुधाः

બધી પ્રજાઓને દંડજ નિયમમાં રાખે છે, દંડજ રક્ષણ કરે છે. સદાય દંડ જાગતો રહે છે. તેથી દંડનેજ ડાહ્યા પુરૂષો ધર્મ કહે છે. એ લોકો ગુના કરે છે. માટે તેમને સજા થવી જોઈએ.

૫૨. દંડ આપવો જોઈએ એ વાત ખરી, પણ શો દંડ આપવો તેનો નિર્ણય કરવો; એમાં કાયદાની (ન્યાય શાસ્ત્રની) મોટી બારીકી સમાયેલી છે, અને તેનો યથાર્થ નિર્ણયતો તે શાસ્ત્રના અભ્યાસીઓ એટલે મોટા મોટા વકીલ, બારીસ્ટરો અને મોટા ન્યાયાધીશો કે બીજા મોટા વિદ્વાનોજ જાણે. અને આમાં હું ગણાવેલામાંનો નથી તેથી યથાર્થપણે તો મારાથી કહી શકાશે નહિં તોપણ મનુષ્ય બુદ્ધિને અનુસરતાં તે સબંધે મારા મનમાં જે વિચારો આવે છે તે જણાવુ છું.

૫૩. કોઈ ગૃહસ્થ કોઇ માણસને નોકર રાખે, એવી શરતથી કે હું તને ખાવાનુ, લુગડાં તથા અમુક પગાર આપીશ; ને તેના બદલામાં તારે આટલું કામ કરવું. પછી તેનો ધણી જો તે શરત પ્રમાણે ન આપી નુકશાન કરે તો કોર્ટમાં ફર્યાદ કરવાથી તેને તેના ઠરાવ પ્રમાણે બધી નુકશાની આપવી પડે છે. તેજ પ્રમાણે સ્ત્રીને પુરૂષ જેજે વસ્તુઓ આપવાનું કબુલ કરે છે. તેતે વસ્તુ તેને મળવી જોઈએ; તેમ છતાં ન આપે તો, તે નુકશાનના પ્ર-

* અસલના વખતથી આપણા લોકો દરેક કબુલાત અગ્નિની સામે કરેછે.

માણુમાં તેને દંડ થવો જોઇએ, તેમજ બીજી સ્ત્રીઓના ભમાવવાથી પ્રીતિ ન છોડવાનું કબુલ કરવા છતાં છોડવાથી સ્ત્રીને મહા દુઃખ આપેછે તો તે દુઃખના પ્રમાણુમાં તેને સજા થવી જોઈએ. વળી ધારૂં છું કે તેઓ વિશ્વાસ ઘાત પણ કરે છે, કેમકે તે સ્ત્રીને મારે ત્યાં આવીશ તો આટલી આટલી વસ્તુઓ આપીશ આવો વિશ્વાસ આપે છે; અને પછી તે વિશ્વાસનો ભંગ કરે છે. માટે તે વિશ્વાસ ઘાતી છે. તેમજ દેવ જનોની સમક્ષ જૂઠી પ્રતિજ્ઞા કરી માટે તેના પર ધારૂંછું કે તે ગુનો સાબીત કરી શકાય.

પપ. આ ગુના લાગુ પાડતાં પહેલાં એક વાત વિચારવાની છે તે એ-કે જે સરતો થાય છે તે સરતોથી વર વહુ છેકજ અજાણ્યા હોય છે, કેમકે તે શરતો સંસ્કૃત ભાષામાં છે. તેનો ખરો અર્થ તે મંત્રોના બોલનાર (ખરી રીતે બોલનાર તો વર વહુ છે, પણ તેની વતી હાલમાં ગોર બોલે છે) ગોર પણ નથી જાણુતા, તો નાની ઉમરનું પરણુનાર દંપતી તો ક્યાંથીજ જાણે ? માટે જે મોટા ગુના વિશ્વાસઘાત ને જૂઠી પ્રતિજ્ઞા તે તેમના પર સાબિત કરી શકાય, એમ હું ધારી શકતો નથી. તે બે પ્રતિજ્ઞાનું રહસ્ય સમજે એટલી ઉમર હોય, ને પછી ગોર કે બીજા કોઇ તરફથી તેનો અર્થ કહેવામાં આવે તોજ સાબીત કરી શકાય. ત્યારે સ્ત્રીઓ કાઢી મૂકનારા, તથા દુઃખ દેનારા શું તદન નિર્દોષ છે? ના, કદીજ નહિ. તે જાણુતા હોય કે ના જાણુતા હોય, તો પણ કોઇને દુઃખ દેનાર માણુસ જેમ ગુન્હાને લીધે સજાને પાત્ર થાય છે તેમજ તેનો ધણી પણ ગુનાને યોગ્ય (તેની તરફથી સ્ત્રીને પડતા દુઃખના પ્રમાણુમાં) સજાને યોગ્ય છેજ. તેમજ ભાર્યાનું ભરણુપોષણુ કરવું એતો ભર્તાનો ધર્મ છેજ, તેમ છતાં ભરણુપોષણુ ન કરનારને સરકાર હાલમાં પણુ દંડ કરી, તે ઉપરાંત તેની સ્ત્રીને ખોરાકી પોષાકી અપાવે છે. માટે દુઃખ દેવા બદલ, ને ભરણુપોષણુ બદલ સજા થઈ શકેજ.

પૂરવણી.

આ બાબતનો સુધારો શી રીતે કરવો, તે લખવું એ પણ મારી ફરજ સમજી તે વિષે મારી મતિ પ્રમાણે બે બોલ ટુંકામાં લખું છું.

૧ દરેક ગામના ને દરેક નાતના પટેલોએ એક ધારો પ્રથમ એવો

ઘડવો કે-"નાતની રજા વગર કોઇએ બીજી વારની સ્રી પરણવી નહિ" એ વખતે રજા આપવાને માટે કાંઇ દંડ કે પ્રતિબંધ રાખવો નહિ, પણ સઘળાને રજા આપવી, માત્ર તેનું નામ ને ઉમરજ નોંધી લેવાં; પણ રજા લીધા વગર ન ચાલે, તે રજા ન લે તેને નાત બહાર મૂકવો, અને પછી અમુક દંડ લઇ નાતમાં લેવો.

૨ એ ધારો બરોબર અમલમાં આવ્યા પછી એક એવો ધારો ઘડવો, કે જે ધારાની રૂઇએ સેંકડે પાંચ માણુસોને ના પાડવી પડે, આનો વિચાર કરવાને બીજી વારનાં નોંધાએલા લગ્ન ધ્યાનમાં રાખવા, તે એવી રીતે કે ધારો કે ૧૦૦ બીજીવારનાં લગ્ન નોંધાયા. તેમાં ૯૫ લગનવાળાની ઉમર ૬૦ વર્ષ અંદર છે, ૫ ની ઉંમર ૬૦ વર્ષ ઉપર છે. તો બીજો ધારો એવો ઘડવો કે "૬૦ વર્ષની ઉમર પછી કોઇએ બીજી સ્રી કરવી નહિ, ને કરશે તેને આટલો દંડ આપતાં સુધી નાત બહાર રહેવું પડશે". (એકદમ અઘરો પડે તેવો ધારો કદી ઘડવો નહિ, કેમકે તેથી તે અમલમાં ન આવતાં નાતમાં તડ પડે છે)

૩. ત્રીજો ધારો પછી એવોજ ઘડવો કે ૧૦૦ બીજી કરનારમાંથી માત્ર પાંચનેજ ના પાડવી પડે. વખત જતાં એ સુતર થશે, એ બાબતમાં ઉતાવળ ન કરવી, એમ કરતાં કરતાં ૪૦ વર્ષ સુધી લાવી મૂકવું.

૪. પછી એવો ધારો કરવો કે "૪૦ વર્ષની અંદરનાને કારણુ જોઇ રજા આપવામાં આવશે," એથી વેહેવાઇઓની તકરારને લીધે બીજી કરનારા તથા બીજી નજીવા કારણુસર બીજી કરનારને રજા નહિ મળે.

૫. પછી વ્યાજબી કારણુસર પણુ તે બીજી વારના લગ્નથી જે જે અંગના સગાને અડચણુ પડવાનો સંભવ હોય તેનો બંદોબસ્ત કરી પછી બીજી પરણુવી.

૬. અને છેલ્લે એવો ધારો કરવો કે હવે પછી પરણુનારને ગમે તે કારણુસર બીજી પરણુવા દેવામાં નહિ આવે. પુત્ર ન હોય તો દત્તક લેવો. હાલ કદાપિ કોઇને આ બધા ધારા અમલમાં આવશે? એવો શક આવશે, પણુ વખત જતાં લોકોનાં મન એ બાબતમાં સારાં થશે એટલે અમલમાં આવશે—

જ્યારે એક કરતાં વધારે સ્ત્રીઓ પરણવાનો ધારો જશે તેવારે શું થશે?

હાલ જે હિંદુ સંસાર કુસંપમય દેખાય છે, ઘેર ઘેર વઢવાડના ભવાડા થાય છે, અનીતિ, વ્યભિચાર, સ્ત્રીહત્યા, બાળહત્યા, વિગેરે પાપો થાય છે, છતાં ધણીએ સ્ત્રીઓ રંડાપો ભોગવે છે તે બધું મટશે, હિંદુ સંસાર સુખમય દેખાશે, પૈસેટકે સુખી થશે, શારિરિકને માનસિક સુખ વધશે, વહુ સાથે હમણાં જે સાસુ નણંદ કુસંપનાં બી વાવે છે તેને ઠેકાણે સંપીને ચાલશે, પોતાનો ધંધો પુરૂષો બરાબર રીતે ચલાવી શકશે, લગ્ન કરતાં પંહેલાં વર કન્યાના ગુણ દોષ જોશે, કેમકે પછી તો "ભવનું ભાગ્યું" થશે, વહેમને વશીકરણનો નાશ થશે, કન્યાના માબાપ પણ પોતાની કન્યાઓને સદગુણી કરશે, નહિં તો કોઈ સારોવર તેને પરણશે નહિ; વાંઢાઓનું દુઃખ મટશે, કન્યા વિક્રય ઓછો થશે, પાપને અકલ્યાણ મટી સુખ ને કલ્યાણ થશે, અને હિંદુ સંસારમાં ઘેર સુખનો વર્ષાદ વરસશે. તથાસ્તુ.

સમાપ્ત.